મુંબઈ ઇલાકાનું સરકારી કેળવણી ખાતું.

ગુજરાતી ભાષાનું વ્યાકરણ.

રચનાર,

સ્વ. ગંગાશંકર મણિશંકર વૈષ્ણવ,

બી એ, બી એસસી.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ,

નાણાવટ—સુરત.

આવૃત્તિ છઠ્ઠી. પ્રત ૧૫,૦૦૦.

ઇ સ. ૧૯૨૪.

સુરત.
સુરત ચકલાના પૂલ ઉપર આવેલા "સુરતસિટિ" પ્રિન્ટિંગ પ્રેસમાં
ઠાકોરદાસ માનસિંહે છાપ્યું

પ્રસ્તાવના.

મે હોપ સાહેબે બનાવેલા 'ગુજરાતી ભાષાના વ્યાકરણ'ને બદલે વ્યાકરણ શીખવવાની નવીન પદ્ધતિ અનુસાર ગુજરાતી પ્રાથમિક શાળાઓમા ઉપયોગી થઈ પડે એવુ એક નવુ વ્યાકરણ રચાવવાની મુબઈ ઇલાકાના સરકારી કેળવણીખાતાને જરૂર જણાયાથી, નવીન પદ્ધતિસર એક નાનુ વ્યાકરણ લખવાની એક સંપૂર્ણ યોજના તૈયાર કરી રજુ કરવાનુ મે પબ્લિક ઇન્સ્ટ્રક્શનના ડિરેક્ટર સાહેબે પ્રે રા ટ્રે કોલેજના પ્રિન્સિપલ મે. કમળાશકરભાઈને ફરમાવ્યુ. આ ઉપરથી તેમણે વિષયવાર એક સપૂર્ણ યોજના ઘડી કાઢી, મે પબ્લિક ઇન્સ્ટ્રક્શનના ડિરેક્ટર સાહેબને રજુ કરી આ યોજના તેઓ સાહેબને પસદ પડી, અને તેને અનુસરી એક નાનુ ગુજરાતી ભાષાનું વ્યાકરણ લખવાનુ કામ મે કમળાશકરભાઈની ભલામણ ઉપરથી મને સોપવામા આવ્યુ

મે. કમળાશકરભાઈની સપૂર્ણ મદદ અને સૂચનાથીજ આ વ્યાકરણ રચવા હુ શક્તિમાન થયો છુ

આ નવીન વ્યાકરણ લખવામા **ગુજરાતશાળાપત્ર**માં આવેલા 'વિદ્વત્તાભરેલા અને વ્યાકરણને લગતા મનન કરવા યોગ્ય લેખોનો મેં સપૂર્ણ છૂટથી ઉપયોગ કર્યો છે આ બધા લેખોનો ઉપયોગ કરવા દેવા સારૂ પણ પ્રે રા ટ્રે કોલેજના પ્રિન્સિપલ અને ગુજરાતશાળાપત્રના તન્ત્રી મે કમળાશકરભાઈનો જાહેર રીતે ઉપકાર માનવાની આ અમૂલ્ય વક મારે ગુમાવવી જોઈએ નહિ.

અમદાવાદ.
પ્રે રા ટ્રે કોલેજ ક્વાર્ટર્સ
૧૯૧૦

ગંગાશકર મણિશંકર વૈષ્ણવ.

અનુક્રમણિકા

ગુજરાતી ભાષાનું વ્યાકરણ.†

વાકય—'ગાય ચરે છે,' 'બેન રડે છે,' આમ બોલવાથી બોલવાનો અર્થ પુરેપુરો સમજાય છે, પરન્તુ 'બેન ચોપડી,' 'બાપા ઘરમા,' 'માને જોઈને,' એ પ્રમાણે બોલવાથી બોલવાની મતલબ પુરી સમજાતી નથી અધુરો અર્થ પુરો કરવા કઈક નીચે મુજબ બોલાય —

'બેન ચોપડી વાચે છે'

'બાપા ઘરમા નથી'

'માને જોઈને બાળક હરખાય છે.'

વળી 'બેસો,' 'આવજો,' એમ એક શબ્દ બોલવાથી પણ કહેવાની મતલબ પુરી સમજાય છે

એક કે એકથી વધારે શબ્દ વડે કહેવાનો પુરેપુરો અર્થ સમજી શકાય, ત્યારે તે શબ્દ કે શબ્દોને વાકય કહે છે.

વાકયના બે ભાગ—'શિક્ષક આવ્યા,' 'બિલાડીએ ઉંદર પકડયો,' આ વાકયોમા કોને માટે કહેવામા આવ્યુ છે? 'શિક્ષક' અને 'બિલાડી'ને માટે. શુ કહેવામા આવ્યુ છે? 'આવ્યા' અને 'ઉંદર પકડયો' કોઈ પણ વાકયના બે ભાગ થાય છે—**જેને માટે કહેવામાં આવ્યું હોય તે એક ભાગ, અને જે કઈ કહેવામાં આવ્યુ હોય તે બીજો ભાગ** જેમકે—

વાકય	કોને માટે (ઉદ્દેશ્ય*).	શુ કહ્યુ (વિધેય*).
૧ ઝાડ પડયુ	ઝાડ.	પડયુ.
૨. છોકરો ઊંઘે છે	છોકરો	ઊંઘે છે
૩ કુતરો રોટલો ખાય છે.	કુતરો	રોટલો ખાય છે

† 'વ્યાકરણ' શબ્દનો અર્થ એવો છે, કે **व्याक्रियन्ते शब्दा अनेनेति व्याकरणम्** એટલે જે વડે શબ્દોનુ સ્પષ્ટીકરણ થાય તે વ્યાકરણ અર્થાત્, પ્રકૃતિપ્રત્યયના વિભાગ દર્શાવી શબ્દોની વ્યુત્પત્તિ જેમા આપી હોય, તથા શુદ્ધ શબ્દોમા જોવામા આવતા નિયમો તેમજ તે શબ્દોનુ વર્ગીકરણ, પ્રકાર, ઇત્યાદિ વિષયો પર જેમા ચર્ચા કરી હોય તે 'વ્યાકરણ.'

* આ શબ્દો શરૂઆતમા શીખવવા નહિ તેમનો ખુલાસો આગળ ઉપર આવશે.

નામ --જેને માટે કંઈ કહેવામા આવે છે, તેનુ કંઈક નામ પાડેલુ હોય છે નામ પાડવાથી પ્રાણી, પદાર્થ, ગુણ, ક્રિયા, વગેરે ઓળખાય છે જેમકે --'**માણસ** જાય છે,' '**મગનલાલ** દોડે છે,' '**ઝાડ** પડે છે,' '**લાકડુ** બળે છે,' '**બળ** થોડુ છે,' '**ગળપણ** ઘણુ છે,' '**રમત** પુરી થઈ,' એ વાકયોમા '**માણસ**,' '**મગનલાલ**,' '**ઝાડ**,' '**લાકડું**,' '**બળ**,' '**ગળપણ**,' અને '**રમત**,' એ શબ્દો નામ છે આમા '**માણસ**' ને '**મગનલાલ**,' એ પ્રાણીના નામ છે, '**ઝાડ**' અને '**લાકડુ**,' એ પદાર્થના નામ છે, '**બળ**' ને '**ગળપણ**,' એ ગુણના નામ છે, અને '**રમત**' એ ક્રિયાનુ નામ છે

જે શબ્દ વડે પ્રાણી, પદાર્થ, ગુણ, ક્રિયા, વગેરે ઓળખાય છે તે શબ્દને નામ કહે છે

ક્રિયાપદ --'ઘોડો **દોડે છે**,' આ વાક્યમા ઘોડાને માટે '**દોડે છે**' એમ કહ્યુ છે ઘોડો કંઈ કામ કે ક્રિયા કરે છે '**દોડે છે**' એ શબ્દથી આ ક્રિયા સમજાય છે

જે પદ કે શબ્દથી કોઈ પણ જાતની ક્રિયા બતાવાય છે તે પદ કે શબ્દને ક્રિયાપદ કહે છે ક્રિયાપદ એટલે ક્રિયા બતાવનારો શબ્દ

ક્રિયાપૂરક --'રામે માર્યો,' 'વાઘે ફાડી ખાધુ,' 'સુથાર બનાવે છે, 'વિક્રમ થયો,' આ પ્રમાણે બોલવાથી આ વાકયોમા થતી ક્રિયાના પુરેપુરા અર્થ સમજી શકાતા નથી અધુરા અર્થ પુરા કરવા વાકયોની અંદર બીજા શબ્દો ઉમેરવાની જરૂર છે જેમકે —

'રામે **રાવણને** માર્યો,'

'વાઘે **હરણને** ફાડી ખાધુ.'

'સુથાર **મેજ** બનાવે છે'

'વિક્રમ **રાજા** થયો'

આ પ્રમાણે બોલવાથી ક્રિયાના અર્થ બરાબર સમજાય છે **'રાવણ,' 'હરણ,' 'મેજ,** અને **'રાજા'** એ શબ્દો ક્રિયાના અધુરા અર્થ પુરા કરે છે આ શબ્દો નામ છે તેઓ **ક્રિયાપૂરક*** કહેવાય છે

અક્ષરવિચાર

શબ્દ અને અક્ષર—'બેસો,' 'કબુતર ઉડયુ,' 'પોપટે મરચુ ખાધુ,' 'આ અમારી નિશાળ છે,' આ વાકયો તપાસતા જણાશે કે તેમા એક કે એથી વધારે **શબ્દો** આવેલા છે પહેલા વાક્યમા એક, બીજામા બે, ત્રીજામા ત્રણ, અને ચોથામા ચાર છે હવે 'બેસો' એ **શબ્દમાં** 'બે' અને 'સો' એવા બે **અક્ષર** છે, અને તેજ પ્રમાણે 'પોપટ'મા 'પો,' 'પ,' અને 'ટ' મળી ત્રણ અને 'અમદાવાદ'મા પાચ અક્ષરો આવે છે 'છો,' 'જૂ,' વગેરે શબ્દ માત્ર એકજ અક્ષરના બનેલા છે **કોઈ પણ શબ્દ એક કે એકથી વધારે અક્ષરનો બનેલો હોય છે**

સ્વર.

'અમદાવાદ' શબ્દ લો આ શબ્દમા પહેલા અક્ષરનો એટલે '**અ**'નો ઉચ્ચાર એની મેળે કે આપોઆપ થઇ શકે છે આજ પ્રમાણે '**આ**,' 'ઇ,' 'ઈ,' '**ઉ**,' '**ઊ**,' '**ઋ**,' '**ૠ**,' '**ઌ**,' '**એ**,' '**ઐ**,' '**ઓ**,' અને '**ઔ**'ના ઉચ્ચાર પણ આપોઆપ થાય છે એ અક્ષરોના ઉચ્ચાર કરવામા બીજા કોઈ પણ અક્ષરની મદદ લેવી પડતી નથી. આ બધા અક્ષરને **સ્વર** કહે છે

હ્રસ્વ સ્વર—જેનો ઉચ્ચાર હ્રસ્વ એટલે ટુકો છે એવા સ્વર—
અ, ઇ, ઉ, ઋ, અને ઌ.

દીર્ઘ સ્વર—જેનો ઉચ્ચાર દીર્ઘ એટલે લાબો છે એવા સ્વર—
આ, ઈ, ઊ, ૠ, એ, ઐ, ઓ, ઔ

ૠ ને ઌ ગુજરાતી ભાષામા વપરાતા નથી, સસ્કૃતમા વપરાય છે.

---

*નામ સિવાયના બીજા શબ્દો પણ ક્રિયાપૂરક તરીકે આવે છે, પણ તેનું આગળ ઉપર વિવેચન આવશે

વ્યંજન.

'અમદાવાદ'નો ઉચ્ચાર કરતા 'અ'નો ઉચ્ચાર કોઈ પણ અક્ષરની મદદ લીધા વિના થઈ શકે છે, પરન્તુ તેજ શબ્દના બીજા અક્ષર 'મ'નો ઉચ્ચાર કરતા 'મ્'ની સાથે 'અ' ભેળવીનેજ 'મ' એવો ઉચ્ચાર થશે તેવીજ રીતે બીજા અક્ષરો 'દા', 'વા', અને 'દ'નું સમજવું

જે અક્ષરોના ઉચ્ચાર કરતાં કોઈ પણ સ્વરની મદદ લેવી પડે છે-એટલે જે અક્ષરોના ઉચ્ચાર કરવા માટે તેમના સાથે કંઈક વિશેષ આંજવું કે મેળવવું પડે છે તેમને વ્યજન કહે છે

કૂલ વ્યંજન નીચે મુજબ છે —

ક્, ખ્, ગ્, ઘ્, ઙ્, ચ્, છ્, જ્, ઝ્, ઞ્, ટ્, ઠ્, ડ્, ઢ્, ણ્, ત્, થ્, દ્, ધ્, ન્, પ્, ફ્, બ્, ભ્, મ્, ય્, ર્, લ્, વ્, શ્, ષ્, સ્, હ્, અને ળ્

'ક્'થી માંડી 'ઙ્' સુધીના વ્યંજનો અને 'હ્' કંઠ કે ગળાથી બોલાય છે 'ચ્'થી 'ઞ્' સુધીના વ્યંજનો અને 'ય્' ને 'શ્' તાળવાથી, 'ટ્'થી 'ણ્' સુધીના વ્યંજનો અને 'ર્' 'ષ્'ને 'ળ્' મૂર્ધાથી, 'ત્'થી 'ન્' સુધીના વ્યંજનો અને 'લ્' તથા 'સ્' દાંતથી, 'પ્'થી 'મ્' સુધીના વ્યંજનો હોઠથી, અને 'વ્' દાંત તથા હોઠથી બોલાય છે આમ હોવાથી આ સ્થાનો પ્રમાણે વ્યંજનોના નીચે મુજબ વર્ગ પાડવામાં આવ્યા છે —

વ્યંજનો	વર્ગ
૧ કવર્ગ (ક્, ખ્, ગ્, ઘ્, ઙ્) તથા હ્ .	કંઠસ્થાની.
૨ ચવર્ગ (ચ્, છ્, જ્, ઝ્, ઞ્) તથા ય્ અને શ્	તાલુસ્થાની.
૩ ટવર્ગ (ટ્, ઠ્, ડ્, ઢ્, ણ્) તથા ર્, ષ્, અને ળ્	મૂર્ધસ્થાની
૪ તવર્ગ (ત્, થ્, દ્, ધ્, ન્,) તથા સ્ અને લ્	દંતસ્થાની.
૫ પવર્ગ (પ્, ફ્, બ્, ભ્, મ્) ...	ઓષ્ઠસ્થાની
૬ વ્ . .	દંતોષ્ઠસ્થાની.

અર્ધસ્વર

'ય', 'ર', 'લ', અને 'વ'ના ઉચ્ચાર કંઈક સ્વર જેવા થાય છે, માટે તે **અર્ધસ્વર** કહેવાય છે

બારાખડી

૧ ક્ + અ = ક	૬. ક્ + ઊ = કૂ
૨ ક્ + આ = કા	૭ ક્ + એ = કે.
૩. ક્ + ઇ = કિ	૮. ક્ + ઐ = કૈ
૪ ક્ + ઈ = કી	૯. ક્ + ઓ = કો
૫. ક્ + ઉ = કુ	૧૦. ક્ + ઔ = કૌ

ઉપર બતાવ્યા મુજબ દસ અક્ષર થયા તેમા 'કં' અને 'કઃ' ઉમેરવાથી કૂલ બાર થાય એ બધા મળી **બાર અક્ષર** થયા, માટે તેને **બારાક્ષરી** કે **બારાખડી** કહે છે

બારાખડી લખવામા વ્યજનની સાથે સ્વરો નહિ, પણ તેમની અમુક અમુક નિશાનીઓજ જોડી દેવામા આવે છે, અને વ્યજનની નીચેનુ ચિહ્ન કાઢી નાખવામા આવે છે નીચે સ્વરોની સામે નિશાનીઓ અને તેના નામો આપેલા છે

સ્વર	નિશાની	નિશાનીનુ નામ
અ	નથી	નથી

(માટે બારાખડીમા 'ક' ને કઈ નહિ 'ક' એમ કહેવાય છે.)

આ	ા	કાનો.
ઇ	િ	હ્રસ્વ અજ્જુ
ઈ	ી	દીર્ઘ અજ્જુ
ઉ	ુ	હ્રસ્વ વરડુ.
ઊ	ૂ	દીર્ઘ વરડુ
એ	ે	એક માત્રા
ઐ	ૈ	બે માત્રા
ઓ	ો	કાનો માત્રા
ઔ	ૌ	કાનો બે માત્રા
અં	ં	અનુસ્વાર
અઃ	ઃ	વિસર્ગ.

અનુસ્વાર--સ્વર ઉપર (જેમકે, 'અં,' 'ઈં' 'ઉં' વગેરેમા) જે (·) આવુ ટપકુ મૂકવામા આવે છે તેને **અનુસ્વાર** (સ્વરની પાછળ બોલાય છે માટે) કહે છે

વિસર્ગ--સ્વર પછી (જેમકે, 'અઃ' વગેરેમા) જે (ઃ) આવા બે ટપકા મૂકવામા આવે છે તેમને **વિસર્ગ** કહે છે આ ટપકા ઉમેરવાથી અક્ષરનો ઉચ્ચાર છાતીમાથી બહાર ફેંકાઈ જતો હોય તેવો એટલે અર્ધ 'હ' જેવો થાય છે

જોડાક્ષર--'પ્ર' એ 'પ્' અને 'ર્'નો બનેલો છે 'ત્ર'મા 'ત્' અને 'ર' છે તેવીજ રીતે 'ક્ષ'મા 'ક્'+'ષ્' અને 'જ્ઞ'મા 'જ્' + ઞ છે 'ન્ત્ર' મા 'ન્'+'ત્'+'ર્' છે

બે કે બેથી વધારે વ્યંજનો સાથે આવી તેમનો એકજ અક્ષર બને છે, ત્યારે તે અક્ષરને જોડાક્ષર કહે છે

અલ્પપ્રાણ--ક, ગ, ચ, ત, પ, વગેરે કેટલાક વ્યંજનોના ઉચ્ચાર કરતા માલમ પડશે, કે તેમના ઉચ્ચાર કરતા થોડો શ્વાસ જોઈએ છે આ કારણથી નીચેના વ્યંજનો **અલ્પપ્રાણ** કહેવાય છે --

ક્, ગ્, ચ્, ત્, પ્, ટ, જ, ડ, દ, બ, ય્, ર્, લ, વ્, ળ્, ઙ્, ઞ્, ણ્, ન, મ

મહાપ્રાણ--ખ, છ, ઠ, વગેરે કેટલાક વ્યંજનોના ઉચ્ચાર કરતા વધાર શ્વાસ જોઈએ છે માટે તેવા વ્યંજનોને **મહાપ્રાણ** કહે છે. નીચેના વ્યંજનો મહાપ્રાણ છે --

ખ, છ્, ઠ, થ્, ફ્, ઘ્, ઝ્, ઢ્, ધ, ભ્, શ, ષ્, સ્, હ્

ઘોષ--ગ, જ્, ડ, દ્, બ, વગેરે કેટલાક વ્યંજનોનો ઉચ્ચાર કરતા કંઈક રણકા જેવો અવાજ થાય છે, માટે તેમને **ઘોષ** કહે છે નીચેના વ્યંજનો ઘોષ છે --

ગ્, જ્, ડ્, દ, બ્, ઘ્, ઝ્, ઢ, ધ્, ભ્, ઙ્, ઞ્, ણ, ન્, મ્, ય્, ર્, લ્, વ્, હ્, અને ળ.

અઘોષ—ક્, ચ્, ટ્, ત્, પ્, વગેરે કેટલાક વ્યજનોના ઉચ્ચાર કરતી વખતે રણકા જેવો અવાજ થતો નથી તે **અઘોષ** કહેવાય છે. નીચેના વ્યજનો અઘોષ છે--

ક્, ચ્, ટ્, ત્, પ્, ખ્, છ્, ઠ્, થ્, ફ્, શ્, ષ્, અને સ્.

નામ.

શરૂઆતમા **વાક્ય** અને તેના બે મુખ્ય ભાગ **ઉદ્દેશ્ય** અને **વિધેયની** સમજણ આપવામા આવી છે 'લાકડુ સળગે છે.' 'મોતીલાલ હસે છે.' 'ગળપણ વધારે છે,' આ વાક્યોમા 'લાકડુ,' 'મોતીલાલ,' અને 'ગળપણ,' એમને વિષે કઈ કહેવામ આવ્યુ છે આ ત્રણે શબ્દો નામ છે, પરન્તુ તે નામ એકજ જાતના નથી દરેક નામનો પ્રકાર હવે નક્કી કરીએ

સામાન્ય નામ--જો દરેક વસ્તુને માટે જુદુ જુદુ નામ હોય, તો નામની સખ્યાનો પાર રહે નહિ, માટે એકજ જાતની અને સરખા ગુણવાળી બધી વસ્તુઓનુ-પ્રાણી કે પદાર્થનુ-એક નામ, બીજી જાતની સરખા ગુણવાળી બધી વસ્તુઓનુ બીજુ નામ, એ પ્રમાણે નામ ઠરાવેલા હોય છે એવા દરેક નામને **સામાન્ય** (બધી વસ્તુને લાગુ પડે એવુ) નામ કહે છે એ નામ પોતાના વર્ગની હરકોઈ વસ્તુને પણ લાગુ પડે છે જેમકે –

લાકડુ, છોકરો, શહેર, પર્વત, મેજ, કાગળ, ઘઉ, સોનુ, લશ્કર, વગેરે.

*** જે નામ કોઈ આખા વર્ગને અથવા તે વર્ગની હરકોઈ વસ્તુને લાગુ પડે છે તેને સામાન્ય નામ કહે છે.**

વિશેષ નામ--

અ	બ.
૧ છોકરો હસે છે	૧ મોતીલાલ હસે છે
૨ છોકરી ડાહી છે	૨. ગગા ડાહી છે
૩ શહેર સુદર છે.	૩. મુબઈ સુદર છે
૪. પર્વત ઉંચો છે.	૪ હિમાલય ઉંચો છે.

* આને **જાતિવાચક નામ** પણ કહે છે જે શબ્દ પ્રાણી કે પદાર્થની જાત ઓળખાવે તે જાતિવાચક નામ કહેવાય

આ બને ખાના તપાસો. અ ખાનામા 'છોકરો,' 'છોકરી,' 'શહેર,' અને 'પર્વત,' એ ઉદ્દેશ્ય છે. આ ઉદ્દેશ્યથી કયા ખાસ છોકરા, છોકરી, શહેર, કે પર્વત વિષે કહ્યુ છે તે સમજાતુ નથી

આ બધા શબ્દો એક વસ્તુ માટે તેમજ આખા વર્ગને માટે દર્શાવેલા નામો છે

બ ખાનામા આપેલા શબ્દો 'મોતીલાલ,' 'ગગા,' 'મુબઈ,' અને 'હિમાલય,' ઉદ્દેશ્ય છે આ શબ્દોથી કઈ ચોક્કસ વસ્તુ-પ્રાણી કે પદાર્થ-વિષે કહ્યુ છે તે સ્પષ્ટ સમજાય છે, માટે એ બધા નામ **વિશેષ નામ** કહેવાય છે

એકજ પ્રાણી કે પદાર્થનું ખાસ નામ પાડેલુ હોય છે તેને વિશેષ નામ કહે છે.

ભાવવાચક નામ–'**બાળપણ** વધારે છે,' 'લશ્કરે **હિંમત** બતાવી,' 'મને **હરખ** થયો, 'તને **ઊંઘ** આવે છે,' ઘોડીની **ચાલ** ઉતાવળી છે, આ વાક્યો તપાસતા જણાશે કે 'બાળપણ' અને 'હિંમત,' એ **ગુણનાં** નામ છે, 'હરખ' એ **લાગણીનું** નામ છે 'ઊંઘ' **સ્થિતિનુ** અને 'ચાલ' **ક્રિયાનુ** નામ છે આ પ્રમાણે જે નામો ગુણ, લાગણી, સ્થિતિ, કે ક્રિયા બતાવે છે તેમને **ભાવવાચક** નામ કહે છે **ભાવ** એટલેજ ગુણ, લાગણી, સ્થિતિ, કે ક્રિયા

ગુણ, લાગણી, સ્થિતિ કે ક્રિયાનાં નામોને ભાવવાચક નામ કહે છે.

સર્વનામ.

'છગનલાલે કહ્યુ, કે છગનલાલ આજ જશે નહિ,' 'વનમાળીએ મગનલાલને કહ્યુ, કે મગનલાલ વનમાળીને બોલાવતો હતો, એ વનમાળી જાણતો ન હતો' 'કેશવલાલ જતો હતો, તેવામા કેશવલાલ પડી ગયો આ બધા વાક્યો કઢગા દેખાય છે એકનુ એક નામ ફરી ફરીને વાપરવાને બદલે ઉપરના વાક્યો નીચે મુજબ બોલાય છે, ત્યારે બોલવુ ઠીક લાગે છે 'છગનલાલે કહ્યુ, કે હુ આજ જઈશ નહિ,' વનમાળીએ

મગનલાલને કહ્યું, કે તુ મને બોલાવતો હતો, એ હું જાણતો ન હતો.' 'કેશવલાલ જતો હતો, તેવામા તે પડી ગયો '

ઉપરના વાકયોમા 'હુ' 'તું' અને 'તે' એ શબ્દો નામોને માટે વપરાયા છે, માટે તેમને **સર્વનામ** કહે છે

નામને ઠેકાણે જે શબ્દ વપરાય છે તે સર્વનામ.

સર્વનામના પ્રકાર.

પુરુષવાચક સર્વનામ—'હું દાખના ગણુ છુ,' 'તુ કયારે ગણુશે?' 'તે કોઈ દિવસ દાખલા ગણુતો નથી.' અમદાવાદમા દીવાસળી બને છે?' 'હા, તે અહીં બને છે.' આ વાકયો પૈકી પહેલા વાકયમા બોલનાર માટે 'હુ,' બીજામા જેની સાથ વાત કરી છે તેને માટે 'તુ,' અને ત્રીજા તેમજ પાચમા વાકયમા બોલનાર કે તેની સાથે વાત કર-નાર સિવાય બીજા જે પ્રાણી કે પદાર્થ વિષે કહ્યુ છે તેને માટે 'તે' વપરાયા છે. 'હુ,' 'તુ,' 'તે' વગેરે પુરુષવાચક સર્વનામ કહેવાય છે

પહેલો પુરુષ સર્વનામ	બીજો પુ સ	ત્રી પુ સ
હુ, અમે, અમો, આપણ, આપણે	, તમે, તમો	તે, તેઓ

પ્રશ્નવાચક સર્વનામ—'કોણ આવ્યુ?' 'શું કરો છો?' 'કયો-કયી-કયુ છે આ?' આ વાકયોમા 'કોણ,' 'શુ,' 'કયો' 'કયી' અને 'કયુ' એ સર્વનામો પ્રશ્ન પૂછવામા વપરાયા છે માટે તે **પ્રશ્ન-વા** સર્વનામ કહેવાય છે. 'કયી'ને બદલે 'કઈ' વાપરવાનો રિવાજ પડી ગયો છે

પ્રશ્ન પૂછવામાં વપરાત સર્વનામો પ્રશ્નવાચક સર્વનામ કહેવાય છે

સ્વવાચક સર્વનામ—'હુ **પોતે** જઈશ,' 'તમે **જાતે** કામ કર્યું,' 'રાજા **પંડે** ન્યાય આપે છે,' આ વાકયોમા '**પોતે**,' '**જાતે**,' '**પંડે**,' એ સર્વનામો પોતાપણુ દર્શાવે છે, માટે **સ્વાર્થવાચક** કે **સ્વવાચક** સર્વનામ કહેવાય છે **સ્વ** એટલે પોતાની જાત

દર્શક સર્વનામ — '**આ** બોલ્યો,' '**એ** આવશે,' '**પેલો** હસે છે,' '**ઓલ્યો** નાઠો,' આ વાક્યોમાં '**આ**', '**એ**', '**પેલો**', '**ઓલ્યો**,' એ સર્વનામો પ્રાણી કે પદાર્થને દેખાડે છે, માટે તેમને **દર્શક** સર્વનામ કહે છે '**આ**' અને '**એ**' નજીકની વસ્તુ દર્શાવે છે, અને '**પેલો**' તથા '**ઓલ્યો**' દૂરની વસ્તુ દર્શાવે છે

પ્રાણી કે પદાર્થને દર્શાવનારાં સર્વનામને દર્શક સર્વનામ કહે છે

અનિશ્ચિત સર્વનામ — 'હજુ **કોઈ** નિશાળે આવ્યું નથી,' 'આમાં **કંઈક** છે,' '**કેટલાક** તો ઓટલા ઉપર બેસી રહ્યા,' આ વાક્યોમાં '**કોઈ**,' '**કંઈક**, અને '**કેટલાક**,' એ સર્વનામથી કોઈ નિશ્ચિત-નક્કી પ્રાણી કે પદાર્થ સમજાતો નથી આમ અનિશ્ચિત પ્રાણી કે પદાર્થ બતાવનારાં સર્વનામો **અનિશ્ચિત** સર્વનામ કહેવાય છે

જે સર્વનામથી નિશ્ચિત પ્રાણી કે પદાર્થ નહિ, પણ મોઘમ એટલે ગમે તે કોઈ એક પ્રાણી કે પદાર્થ સમજાય છે, તે અનિશ્ચિત સર્વનામ કહેવાય છે

સંબંધી સર્વનામ — '**જે** ખાડો ખોદે **તે** પડે,' **જેવું** વાવશો **તેવું** લણશો, '**જેટલું** કામ જોઈતું હોય **તેટલું** ખરીદવું, '**જેવડું** મંગાવશો **તેવડું** મોકલીશું,' આ વાક્યોમાં '**જે**' અને '**જે**' ઉપરથી થએલા '**જેવું**,' '**જેટલું**' અને '**જેવડું**', એ સર્વનામોની સાથે અનુક્રમે '**તે**' અને 'તે ઉપરથી થએલા '**તેવું**,' '**તેટલું**' અને '**તેવડું**' એ સર્વનામો સંબંધ રાખે છે, માટે તે **સંબંધી** (સંબંધ રાખનારાં) સર્વનામો કહેવાય છે

એક બીજા સાથે સંબંધ રાખનારાં સર્વનામોને સંબંધી સર્વનામ કહે છે

જાતિ

નર જાતિ — '**છોકરો** દોડ્યો,' '**કાગડો** ઊડ્યો,' '**દડો** ઝીલ્યો,' આ વાક્યોમાં '**છોકરો**,' '**કાગડો**,' ને '**દડો**,' નર કે પુરુષની જાતનાં નામ

છે આ નામો નરની પેઠે બોલાય છે, અને એમને, છેડે 'ઓ' આવેલો છે નરની પેઠે બોલાતા નામને છેડે ઘણુંકરીને 'ઓ' આવે છે, પરન્તુ '**છગનલાલ** કૂદ્યો,' '**રાજા** ગુસ્સે થયો,' '**હાથી** ચાલ્યો,' '**લાડુ** ખાધો,' આ વાક્યો તપાસતા માલમ પડે છે, કે જે શબ્દોને છેડે 'ઓ' નથી હોતો તે પણ નરની પેઠે બોલાય છે

જે શબ્દો નરની પેઠે બોલાય છે, તે શબ્દો નર જાતિના છે, એટલે નર જાતિના--વર્ગના--છે

નારી જાતિ -- **છોકરી** પડી,' '**સાહી** ઢળી,' આમા '**છોકરી**' અને '**સાહી** એ નામો નારીની પેઠે બોલાય છે એવા શબ્દોને છેડે ઘણુકરીને 'ઈ' આવે છે, પરન્તુ '**વાત** બની,' '**બાધા** રાખી,' '**જૂ** નીકળી,' '**હરડે** ખાડી, '**જળો** મૂકી' આ વાક્યોમા વપરાએલા નામને છેડે 'ઈ' આવતી નથી, છતા તે નારીની પેઠે બોલાય છે

જે શબ્દો નારીની પેઠે બોલાય છે તે નારી જાતિના કહેવાય છે

નાન્યતર જાતિ --'**છોકરૂં** રડ્યુ, '**ગાડુ** હાંક્યુ, આ બને વાક્યોમા નામને છેડે 'ઉ છે, અને તે નર કે નારીની પેઠે બોલાતા નથી. ઘણુકરીને આ જાતના નામને છેડે 'ઉં' આવે છે, પરન્તુ '**કલકત્તા**' મોટુ છે, '**મોતી** પાણીદાર છે,' '**વસો** નાનુ છે,' **લખનૌ** પ્રખ્યાત શહેર છે,' આ વાક્યોમા નામને છેડે અનુક્રમે 'આ,' 'ઈ,' 'ઓ,' અને 'ઔ' છે

નાન્યતર = ન + અન્યતર, જે શબ્દોની જાતિ અન્યતર-બેમાથી એકે-એટલે નર કે નારી-નથી તે નાન્યતર જાતિના છે

જે શબ્દો નર કે નારી જાતિના નથી, તે નાન્યતર જાતિના છે

અમુક નામ નર, નારી, કે નાન્યતર જાતિનુ છે તે તે નામની પછી 'કેવો,' 'કેવી,' કે 'કેવુ,' એ મૂકીને બોલી જોવાથી જણાય છે, જેમકે 'કોળી' (કેવો)—નર જાતિ, 'પાટલા ઘો' (કેવી)--નારી૦, 'ઘર' (કેવુ)--નાન્ય૦

નર જાતિના નામોમાથી નારી જાતિના નામો નીચે પ્રમાણે બનાવવામા આવે છે --

નર	નારી.
ગેડુ	ગેંડાણી
કોળી	કોળણ, કોળેણ
કુતરો	કુતરી
રાક્ષસ.	રાક્ષસણી
બીલ	બીલડી

આ દાખલા ઉપરથી સમજાય છે, કે નર જાતિના નામોને **પ્રત્યય*** લગાડવાથી નારી જાતિના નામ બને છે '**આણી**,' '**અણ**,' '**એણ**,' '**ઈ**,' '**ણી**,' '**ડી**,' વગેરે આવા પ્રત્યયો છે

કેટલાક નામોની નારી જાતિ જુદા શબ્દોથી દર્શાવાય છે જેમકે —

નર	નારી.
બાપ	મા
પુરુષ	સ્ત્રી

નર જાતિના નામોમાંથી નારી જાતિનાં નામો પ્રત્યય લગાડવાથી કે તદ્દન જુદીજ રીતે થાય છે

'સોપારી,' 'તમાકુ,' 'ચા,' આ અને બીજા કેટલાક શબ્દો પ્રાન્તિક ભેદને લીધે જુદી જુદી જાતિમા વપરાય છે

વચન

'છોકરો' 'લુગડુ,' આ રૂપ ઉપરથી વસ્તુ એક છે એમ સમજાય છે 'છોકરા,' 'છોકરાઓ,' 'લુગડા,' કે 'લુગડાઓ,' એમ બોલવાથી વસ્તુ એકથી વધારે છે એમ માલમ પડી આવે છે 'છોકરો' અને 'લુગડુ,' એ મૂળ રૂપોને પ્રત્યય લાગવાથી તેમા બહુપણાનો અર્થ આવ્યો છે.

'ચાકર આવ્યો,' 'ચાકર આવ્યા,' 'મારા ઘરમા એક પેટી છે,' 'તમારા ઘરમા બે પેટી છે,' 'ઝાડ પડ્યુ,' 'ઝાડ પડ્યા,' આ વાક્યોમા 'ચાકર,' 'પેટી,' અને 'ઝાડ,' આ શબ્દો એક અથવા બહુપણાનો ખ્યાલ આપે છે 'ચાકર,' એટલે એક કે એકથી વધારે ચાકર.

---

* એક કે વધારે અક્ષર શબ્દને છેડે આવીને તેના અર્થમા ફેર પાડે છે એવા અક્ષરને **પ્રત્યય** કહે છે.

'ચાકરો,' 'પેટીઓ,' અને 'ઝાડો,' એ રૂપો ઉપરથી પણ વસ્તુઓ અનેક છે એમ સમજાય છે.

શબ્દના જે રૂપમાં એકનો અર્થ હોય તે એકવચન અને બહુનો અર્થ હોય તે બહુવચન.

જાતિ.	**એકવચન.**	**બહુવચન.**
નર	ચાકર	ચાકર--ચાકરો.
,,	લાડુ	લાડુ—લાડુઓ
,,	છોકરો.	છોકરા—છોકરાઓ.
નારી	પાટી	પાટી—પાટીઓ
નાન્યતર.	ઇંડુ	ઈંડા—ઈંડાઓ.
,,	ગામ.	ગામ—ગામો.

ત્રણે જાતિના શબ્દોનાં મૂળ રૂપો બહુવચનમાં વપરાય છે, અથવા તે રૂપોને પ્રત્યય લગાડવાથી બહુવચન બને છે.

ઘઉં આવ્યા,' **બળીયા** નીકળ્યા,' અહીં વપરાએલા નામો તેમજ બીજા કેટલાક નામો ગુજરાતીમા બહુવચનમાજ વપરાય છે

'**દૂધ** પીધુ,' '**તેલ** ઢળ્યુ,' '**અહંકાર** થયો,' આ વાક્યોમા વપરાએલા નામો તેમજ તેવા બીજા કેટલાક નામો ઘણુંકરીને એકવચનમાજ વપરાય છે.

સર્વનામનાં જાતિવચન—સર્વનામ એ નામને ઠેકાણેજ વપરાય છે, તેથી નામના જે જાતિવચન હોય છે, તેજ સર્વનામના પણ હોય છે.

વિભક્તિ.

'શિક્ષક પુસ્તક,' ચપ્પુ ઘડી,' 'ગોળી માર્યો,' આ પ્રમાણે બોલવાનો કંઈ અર્થ થતો નથી 'શિક્ષકનું પુસ્તક,' ચપ્પુથી ઘડી,' 'ગોળીએ માર્યો,' આમ કહેવાથી શબ્દ વચ્ચેનો સબંધ અને તેથી કહેવાનો મુદ્દો સમજાય છે 'શિક્ષક' અને 'પુસ્તક,' એ બે નામો વચ્ચેનો સબંધ 'શિક્ષક'ને '**નું**' પ્રત્યય લગાડવાથી સ્પષ્ટ થાય છે 'ચપ્પુ' એ નામ અને 'ઘડી' એ ક્રિયાપદનો સબંધ 'ચપ્પુ'ને '**થી**' પ્રત્યય લગાડવાથી

સમજાય છે, અને તેજ પ્રમાણે 'ગોળી' અને 'માર્યો'નો સબધ 'ગાળી'ને 'એ' પ્રત્યય લગાડવાથી સમજી જાય છે

વિભક્તિ–એટલે એક શબ્દનો બીજા સાથે સંબંધ દેખાડનાર પ્રત્યય કે તે સાથેનાં શબ્દોનાં રૂપ.—જેમકે, મા, ને, થી, ઘરમા, માણસને, ગામથી, વગેરે.

સાત વિભક્તિઓ.

પહેલી વિભક્તિ—'છોકરો દોડે છે,' 'પવન વાય છે,' આ વાક્યોમા 'છોકરો' અને 'પવન' પહેલી વિભક્તિમા છે પહેલી વિભક્તિમા આવેલા શબ્દોને પ્રત્યય લાગતા નથી 'છોકરો' અને 'પવન' કર્તા ક્રિયા કરનાર છે પહેલી વિભક્તિમા કર્તા હોય છે, પણ કર્તા એ વિભક્તિનો અર્થ ન હોવાથી એ કર્તાર્થે પહેલી વિભક્તિ કહેવાની નથી *

'**મગનલાલ**, અહી આવ' આ વાક્યમા મગનલાલ'ને બીજા શબ્દો જોડે કોઈ પણ જાતનો સબધ નથી 'મગનલાલ' એ પ્રત્યય વિનાનુ વિશેષ નામ છે, અને તે સબોધનના એટલે બોલાવવાના અર્થમા વપરાયુ છે આ અને આવી રીતે વપરાએલા બીજા નામો **સબોધનાર્થે પહેલી વિભક્તિ**મા છે એમ કહેવાય છે

સબોધનાર્થે પહેલી વિભક્તિમા આવતા નામને વાક્યપૃથક્કરણમાથી પડતા મૂકવા, કારણ કે વાક્યમા તેમનો સમાવેશ થતો નથી

બીજી વિભક્તિ—'હુ **દાખલા** ગણુ છુ,' 'રાજા **પ્રધાનને** બોલાવે છે, આ વાક્યોમ 'દાખલા' અને 'પ્રધાન,' એ શબ્દો બીજી વિભક્તિમા છે બીજી વિભક્તિનો અર્થ **કર્મ** છે **કર્મ** એટલે કરેલુ કે ધારેલુ કામ, અથવા જેને ક્રિયાનુ ફળ લાગુ પડે છે તે. બીજી વિભક્તિમા શબ્દને પ્રત્યય લાગે કે ન પણ લાગે **'ને'** એ બીજી વિભક્તિનો પ્રત્યય છે

* 'છોકરો' અને 'પવન' એ **નિર્દેશવાચક પહેલી વિભક્તિ** કહેવાય છે **નિર્દેશ** એટલે શબ્દ કહેવો તે પહેલી વિભક્તિનો અર્થ માત્ર નિર્દેશ છે.

ત્રીજી વિભક્તિ—'**છોકરીએ** રુમાલ ગુંથ્યો.' અહીં ગુથવાનું કામ કરનાર છોકરી છે. ક્રિયા કરનાર એટલે કર્તા. 'છોકરી' ત્રીજી વિભક્તિમા છે. આ વિભક્તિનો પ્રત્યય '**એ**' છે, અને અર્થ **કર્તા** છે.

'તેણે **ગોળીએ** વાઘને માર્યો,' આ વાક્યમા 'ગોળી' શબ્દ ત્રીજી વિભક્તિમા છે, અને એ કરણ કે સાધન છે, એટલે તેની મદદથી કંઈ કામ કરાયુ છે. ત્રીજી વિભક્તિનો અર્થ **કરણ** પણ છે.

ચોથી વિભક્તિ—'શિષ્યે **ગુરુને** દક્ષિણા આપી,' આ વાક્યમા 'ગુરુ' શબ્દ ચોથી વિભક્તિમા છે, '**ને**' એ ચોથી વિભક્તિનો પ્રત્યય છે. આ વિભક્તિનો મુખ્ય અર્થ **સમ્પ્રદાન** છે. **સમ્પ્રદાન** એટલે જેને કંઈ આપવામા આવે છે તે.

પાંચમી વિભક્તિ—'**અમદાવાદથી** ગાડી ઉપડી,' આ વાક્યમા 'અમદાવાદ' પાચમી વિભક્તિમા છે અને તેનો પ્રત્યય '**થી**' છે. આ વિભક્તિનો મુખ્ય અર્થ **અપાદાન** છે. **અપાદાન** એટલે જેનાથી છુટા પડાય છે તે.

'**રામથી** રાવણ મરાયો,' આ વાક્યમા 'રામ' શબ્દ પાચમી વિભક્તિમા છે અને તેનો અર્થ **કર્તા** છે.

'**ગોળીથી** વાઘને માર્યો,' આ વાક્યમા 'ગોળી' શબ્દ પાચમી વિભક્તિમા છે અને તેનો અર્થ **કરણ** છે.

'**ગરમીથી** પાણી સુકાય છે,' એમા 'ગરમી' શબ્દ પાચમી વિભક્તિમા છે અને તેનો અર્થ **હેતુ** એટલે કારણ છે.

છઠ્ઠી વિભક્તિ—'**રાજાનો** કુવર આવે છે,' આ વાક્યમા 'રાજા' શબ્દ છઠ્ઠી વિભક્તિમા છે. **સબંધ** એ આ વિભક્તિનો મુખ્ય અર્થ છે.

'**નો**,' '**ની**,' '**નુ**,' '**ના**,' '**ની**,' '**નાં**,' એ છઠ્ઠી વિભક્તિના પ્રત્યયો છે. '**રો**,' '**રી**,' ',' એ પણ છઠ્ઠી વિભક્તિના પ્રત્યય છે અને તે પહેલા અને બીજા પુરુષ સર્વનામને લાગે છે. '**તણો**,' '**તણી**,' '**તણુ**,' '**કેરો**,' '**કેરી**,' '**કેરૂ**,' આ પ્રત્યયો છઠ્ઠી વિભક્તિના છે, પરન્તુ તે કવિતામા વપરાય છે.

સાતમી વિભક્તિ—'તે **ગામડામાં** રહે છે,' '**માથે** પાઘડી છે,' આમા '**માં**' અને '**એ**' પ્રત્યયો સાતમી વિભક્તિના છે સાતમી વિભક્તિનો મુખ્ય અર્થ **અધિકરણ** એટલે સ્થળ છે

'વાડીમાના મુળા,' ઘરમાથી વીંછી નીકળ્યો,' તેઓમાનાએ આ કામ કર્યુ હશે,' આમા એકજ શબ્દને બેત્રણ વિભક્તિના પ્રત્યયો લાગેલા છે. **કોઈ વેળા એકજ શબ્દને બેત્રણ વિભક્તિના પણ પ્રત્યયો લાગે છે.**

નામ.

ઉકારાંત નામ.

ઈડું.

		એકવચન.	બહુવચન.
પ	વિ.	ઈડુ	ઈડા–ઈડાઓ.
બી	વિ.	ઈડુ–ઈડાને	ઈડા–ઈડાને–ઈડાઓને
ત્રી	વિ	ઈડાએ–ઈડે	ઈડાએ–ઈડે–ઈડાઓએ.
ચો	વિ	ઈડાને	ઈડાને–ઈડાઓને.
પા	વિ	ઈડાથી–થકી	ઈડાથી–થકી ઈડાઓથી–થકી.
છ	વિ	ઈડાનો–ની–નુ–ના–ની–ના	ઈડાનો–ની–નુ–ના–ની–ના ઈડાઓનો–ની–નુ–ના–ની–ના.
સા	વિ	ઈડામા.	ઈડામા–ઈડાઓમા

સર્વનામ (હું)*

		એકવચન	બહુવચન
પ	વિ	હુ	અમે–અમો
બી	,,	મને.	અમને–અમોને.
ત્રી	,,	મેં	અમે–અમોએ

* 'મુને,' 'મુજને,' 'મુજથી,' 'અમોથી,' 'મુજ,' 'મજમા,' અને 'મુજમા,' એ રૂપો પણ વપરાય છે.

ચો ,,	મને.	અમને–અમોને
પા ,,	મારાથી–થકી	અમારાથી–થકી, અમથી–થકી.
છ ,,	મારો–ની–રૂ–રા–રી–રા	અમારો–રી–રૂ–રા–રી–રા
મા ,,	મારામા	અમારામા–અમમા

આપણ ×

	બહુવચન.
પ વિ	આપણ–આપણે
બી ,,	આપણને
ત્રી ,,	આપણે.
ચો ,,	આપણે–આપણને
પા ,,	આપણાથી–થકી
છ ,,	આપણો–ણી–ણુ–ણા–ણી–ણા.
મા ,,	આપણામા

આપ.

	બહુવચન.
પ. વિ	આપ.
બી ,,	આપને
ત્રી ,,	આપે
ચો ,,	આપને
પા ,,	આપથી–થકી.
'૭ ,,	આપનો–ની–નુ–ના–ની–ના.
સા ,,	આપમા

×'આપણે આ કામ કરીશુ,' આ વાક્યમા 'આપણે' એ સર્વનામમા જેની સાથે વાત કરવામા આવે છે તેનો પણ સમાવેશ થાય છે 'અમે ગામ ગયા,' અહીં 'અમે' એ સર્વનામ બોલનારા પોતાને માટેજ વાપરે છે.

તે.

	એકવચન.	બહુવચન.
પ વિ	તે	તે-તેઓ
બી ,,	તેને	તેમને-તેઓને
ત્રી ,,	તેણે.	તેમણે-તેઓએ.
ચો ,,	તેને	તેમને-તેઓને.
પા ,,	તેથી-થકી	તેઓથી-થકી
છ ,,	તેનો-ની-નુ-ના-ની-ના	તેમનો-ની-નું-ના-ની-ના તેઓનો-ની-નુ-ના-ની-ના
સા ,,	તેમા-તેનામા	તેઓમા-તેમનામા-તેઓનામા.

'જે' અને 'એ'ના રૂપ ઉપર પ્રમાણે કરવા

પોતે.

એકવચન અને બહુવચન.

પ વિ	પોતે	પા ,,	પોતાથી-થકી
બી	પોતાને	છ ,,	પોતાનો-ની-નું-ના-ની-ના.
ત્રી	પોતે		
ચો ,	પોતાને	સા ,,	પોતામા

કોણ.

એકવચન અને બહુવચન.

પ. વિ	કોણ
બી. ,,	કોને [૧]
ત્રી. ,,	કોણે [૨]
ચો ,,	કોને [૩]
પા. ,,	કોનાથી-થકી [૪]
છ ,,	કોનો-ની-નું-ના-ની-ના [૫]
સા ,,	કોનામા. [૬]

---

૧ કેને, કોણને.
૨ કેણે
૩ કેને-કોણને
૪ કોણથી-થકી, કેનાથી-થકી
૫ કેનો-ની-નુ-ના-ની-ના
૬ કેનામા, કોણમા, કેમા

} આવા રૂપો પણ કોઈ કોઈ સ્થળે વપરાય છે

ક્રિયાપદ.

અકર્મક—'લાકડું સળગે છે,' 'મગનલાલ હસે છે,' 'દડો ઉછળ્યો,' આ વાક્યોમા 'સળગે છે,' 'હસે છે,' 'ઉછળ્યો,' એ શબ્દો ક્રિયા બતાવે છે એમા કર્મ નથી

'સળગે છે,' 'હસે છે,' 'ઉછળ્યો,' અને એવા બીજા ક્રિયાપદોને કર્મ વિનાના એટલે **અકર્મક** કહે છે

અકર્મક-(અ+કર્મન્+ક) **એટલે જેને કર્મ નથી તે.**

સકર્મક—'અમથારામ ચોખા રાધે છે,' 'ભિખારી રોટલો ખાય છે,' 'મેં તેને દક્ષિણા આપી,' આ વાક્યોમા 'રાધે છે,' 'ખાય છે,' અને 'આપી,' એ શબ્દો ક્રિયા બતાવે છે. 'ચોખા,' 'રોટલો,' અને 'તેને દક્ષિણા,' એ કર્મ છે.

'રાધે છે,' 'ખાય છે,' 'આપી,' અને એવા બીજા ક્રિયાપદોને કર્મવાળા એટલે **સકર્મક** કહે છે.

સકર્મક-(સ + કર્મન્ + ક) **એટલે જેને કર્મ હોય તે.**

પ્રધાન અને ગૌણ કર્મ.

'શિક્ષકે શિષ્યને પ્રશ્ન પૂછ્યો,' 'માએ છોકરાને વાત કહી,' આ બન્ને વાક્યોમા ક્રિયાપદને બે કર્મ છે 'શિષ્યને' અને 'પ્રશ્ન,' એ 'પૂછ્યો' એ ક્રિયાપદના, અને 'છોકરાને' અને 'વાત,' એ 'કહી' એ ક્રિયાપદના, કર્મ છે આવા ક્રિયાપદોને **દ્વિકર્મક** એટલે બે કર્મવાળા કહે છે. આ બન્ને કર્મમાથી 'પ્રશ્ન' અને 'વાત,' એ **પ્રધાન** એટલે મુખ્ય છે, અને 'શિષ્યને' અને 'છોકરાને,' એ **ગૌણ** એટલે ઉતરતા–બીજા દરજ્જાના છે.

કર્તા અને ઉદ્દેશ્ય.

'મગનલાલ દોડે છે,' 'કુતરો ભસે છે,' આ વાક્યોમા 'મગનલાલ' અને 'કુતરો' ક્રિયાના કરનાર એટલે કર્તા છે. 'મગનલાલ' અને 'કુતરો,' એમને ઉદ્દેશીને કંઈ કહેવામા આવ્યુ છે, માટે તે બન્ને નામો

ઉદ્દેશ્ય પણ છે 'મારાથી ચોપડી લખાઈ,' 'તમારાથી કાગળ વચાયો,' 'તેનાથી નુકસાન કરાયુ,' આ વાક્યોમા 'ચોપડી,' 'કાગળ,' અને 'નુકસાન' થી કઈ પણ ક્રિયા થતી નથી, એટલે તે નામો કર્ત્તા કે ક્રિયા કરનાર નથી 'ચોપડી,' 'કાગળ,' અને 'નુકસાન'ને ઉદ્દેશીને 'લખાઈ,' 'વચાયો,' અને 'કરાયુ,' એ પ્રમાણે કહેવામા આવ્યુ છે, માટે તે ત્રણે નામો ઉદ્દેશ્ય કહેવાય **કર્તા ઉદ્દેશ્ય હોય, પણ દરેક ઉદ્દેશ્ય કર્તા નથી.**

કાળ.

ક્રિયાપદોના રૂપો ઉપરથી અમુક ક્રિયા થાય છે એવુ ભાન થાય છે, એટલુજ નહિ પણ ક્યારે થાય છે તે પણ જણાય છે. 'હુ કાગળ લખુ છુ' અહીં 'લખ છુ' એ રૂપ ઉપરથી લખવાની ક્રિયા ચાલુ છે એવુ સ્પષ્ટ સમજાય છે 'મે કાગળ લખ્યો, અહીં 'લખ્યો' એ રૂપ ઉપરથી લખવાની ક્રિયા થઈ ગઈ છે એવુ, અને 'હુ કાગળ લખીશ,' એમા 'લખીશ' એ રૂપ ઉપરથી લખવાની ક્રિયા હજુ થવાની છે એવુ સ્પષ્ટ સમજાય છે **કાળ એટલે વખત. અમુક ક્રિયા થાય છે, થઈ ગઈ છે, કે થવાની છે, એ ક્રિયાપદના કાળ ઉપરથી જણાય છે.**

વર્તમાન* કાળ —'બાળક કાગળ ફાડે છે,' 'વાદરો કૂદે છે,' 'સુરજ ઊગે છે,' આ વાક્યોમા ક્રિયાપદના રૂપ ઉપરથી જણાય છે કે ક્રિયા ચાલુ છે

વર્તમાન એટલે ચાલુ કે ચાલતો. ચાલતો વખત બતાવનાર ક્રિયાપદ વર્તમાન કાળમાં છે એમ કહેવાય છે.

ભૂતકાળ —'સુરજ આથમ્યો,' 'ચદ્ર ઊગ્યો,' 'અજવાળુ થયુ,' આ વાક્યોમા ક્રિયા થઈ ગઈ છે એવુ સમજાય છે

ભૂત એટલે થઈ ગએલો. થઈ ગએલો વખત બતાવનાર ક્રિયાપદ ભૂત કાળમાં છે એમ કહેવાય છે.

---

* 'વર્તમાન,' અને 'વર્ત્તમાન,' 'કર્તા,' અને 'કર્ત્તા,' વગેરે બને રૂપો શુદ્ધ છે

ભવિષ્ય કાળ—'વાજા વાગશે,' 'વરઘોડો નીકળશે,' 'ગમત પડશે,' આ વાક્યોમા બધી ક્રિયા હવે પછી થવાની છે, એ ક્રિયાપદનાં રૂપો ઉપરથી ખુલ્લુ છે

ભવિષ્ય એટલે થવાનો કે આવવાનો. આવવાનો વખત બતાવનાર ક્રિયાપદ ભવિષ્ય કાળમાં છે એમ કહેવાય છે.

'**પડ**' ધાતુના ત્રણે કાળના રૂપો.

વર્તમાન કાળ.

નર, નારી, અને નાન્યતર જાતિ

	એકવચન	બહુવચન
પહેલો પુરુષ,	હુ પડુ છુ	અમે પડીએ છીએ.
બીજો ,,	તુ પડે છે	તમે પડો છો
ત્રીજો ,,	તે પડે છે	તેઓ પડે છે.

ભૂત કાળ (ત્રણે પુરુષમાં)

	એકવચન	બહુવચન
નર જાતિ	પડ્યો	પડ્યા
નારી જાતિ	પડી	પડી
નાન્યતર જાતિ	પડ્યુ.	પડ્યા

ભવિષ્ય કાળ.

નર, નારી, અને નાન્યતર જાતિ

	એકવચન	બહુવચન.
પહેલો પુરુષ.	પડીશ	પડીશુ.
બીજો ,,	પડીશ, પડશે	પડશો.
ત્રીજો ,,	પડશે.	પડશે.

' છ ' ધાતુના રૂપો.

વર્તમાન કાળ.

	એકવચન	**બહુવચન**
પહેલો પુ૦	હુ છુ	અમે છીએ.
બીજો પુ૦	તુ છે, છુ	તમે છો
ત્રીજો પુ૦	તે છે	તેઓ છે

આ ધાતુના વર્તમાન કાળ સિવાયના બીજા કાળના રૂપો થતા નથી. બીજા કાળમા ' છ ' ને બદલે ' હો ' ધાતુ વપરાય છે.

અર્થ.

' હુ લખુ છુ,' આ વાક્યમા ક્રિયાપદના રૂપ ઉપરથી નિશ્ચય કે નક્કીપણાનો અર્થ નીકળે છે, ' તમે જાઓ,' એમા આજ્ઞાનો અર્થ નીકળે છે, ' કદાચ તે આવે,' એમા સશયનો અર્થ નીકળે છે એ પ્રમાણે ક્રિયાપદના જુદા જુદા રૂપો ઉપરથી જુદા જુદા અર્થો નીકળે છે, માટે તેમને ક્રિયાપદના **અર્થ** કહે છે મુખ્ય અર્થ નીચે પ્રમાણે છે —

નિશ્ચયાર્થ —' હુ **લખુ** છુ,' ' તમે **લખ્યુ**,' ' તે **કરશે**,' ' અમે **કરેલું છે**,' ' તે **કરવાનો છે**,' આ બધા વાક્યોમા ક્રિયાપદ **નિશ્ચય** બતાવે છે

સશયાર્થ —' હુ **હોઉ**,' ' તમે કર્યું **હોય**,' ' તેણે કર્યું **હશે**,' ' કદાચ તે **આવે** ' આ વાક્યોમા ક્રિયાપદના રૂપો નક્કીપણુ બતાવતા નથી, પણ **સશય** બતાવે છે

સંકેતાર્થ —' જો તમે **આવો** તો હુ **આવું**,' ' જો તુ **જાત** તો સારૂ **થાત** ' ' જો તે **વાંચે** તો **પાસ થાય**,' આ વાક્યોમા ક્રિયાપદના રૂપો **સકેત** એટલે શરત બતાવે છે

આજ્ઞાર્થ —' તમે **જાઓ** ' ' તુ હમેશા સાચુ **બોલજે**.' ' પરમેશ્વર તમારૂ ભલુ **કરો**.' ' કૃપા કરી **પધારજો**,' ' પાપીઓ દુખી **થજો**,' આ વાક્યોમાના ક્રિયાપદના રૂપો ઉપરથી **આજ્ઞા, ઉપદેશ, આશીર્વાદ,**

પ્રાર્થના, અને **શાપનું** ભાન થાય છે. એ બધાનો સમાવેશ સાધારણ રીતે **આજ્ઞાર્થ**મા કરવામા આવ્યો છે

વિધ્યર્થ:—'છોકરએ માબાપની આજ્ઞા **પાળવી**,' વિદ્યાર્થીએ વખતસર નિશાળે **આવવુ**,' આ વાક્યોમા ક્રિયાપદના રૂપો ઉપરથી **વિધિ** એટલે શાસ્ત્રના ફરમાનનુ અને તે પરથી ફરજનુ ભાન થાય છે

પ્રયોગ

'કરૂ છુ,' 'કરો છો,' 'કરે છે,' એ રૂપો ઉપરથી કર્ત્તાનુ ભાન થાય છે 'કરાય છે,' 'ગવાય છે,' એ રૂપો ઉપરથી કર્ત્તાનુ નહિ, પણ કર્મનુ ભાન થાય છે આ પ્રમાણે કર્તા કે કર્મનુ ભાન કરાવવા માટે ક્રિયાપદના રૂપોનો વપરાશ થાય છે, તેને તેમનો **પ્રયોગ** કહે છે **પ્રયોગ** એટલે વપરાશ

કર્ત્તરિપ્રયોગ—'હુ કરૂ છુ,' 'મોતીલાલ જાય છે,' 'હુ ચોપડો, કવિતા, કે ગીત લખુ છુ,' અહી વપરાએલા ક્રિયાપદોના રૂપો કર્તાનો બોધ કરે છે

ક્રિયાપદના રૂપ ઉપરથી કર્તાનો બોધ થતો હોય, એટલે ક્રિયાપદનો કર્તાના અર્થમા વપરાશ હોય, ત્યારે તેનો પ્રયોગ કર્તરિ (કર્તાના અર્થમા) કહેવાય

કર્મણિપ્રયોગ—'કરાયો,' 'લખાયુ,' 'કરાશે,' 'મે ચોપડો લખ્યો,' 'મારાથી ચોપડી લખાઈ,' અહીં બધા ક્રિયાપદોના રૂપો કર્મનો બોધ કરે છે

ક્રિયાપદનાં રૂપ ઉપરથી કર્મનો બોધ થતો હોય, એટલે ક્રિયાપદનો કર્મના અર્થમાં વપરાશ હોય, ત્યારે તેનો પ્રયોગ કર્તરિ (કર્તાના અર્થમાં) કહેવાય

ભાવેપ્રયોગ—'જવાય છે' (જવાનું કે જવુ થાય છે), 'મને ગમે છે,' 'તમને ભાવતુ નથી,' આ બધા ક્રિયાપદોના રૂપો ઉપરથી કર્ત્તા કે કર્મનો બોધ થતો નથી, માત્ર ક્રિયાનો અર્થ સમજાય છે

ક્રિયાપદનાં રૂપ ઉપરથી કર્તા કે કર્મનો બોધ ન થતાં માત્ર ક્રિયાનોજ (ભાવનોજ) બોધ થતો હોય, ત્યારે તેનો પ્રયોગ ભાવે (ભાવના અર્થમાં) કહેવાય.

ભાવેપ્રયોગમા ક્રિયાપદ હમેશા ત્રીજા પુરુષ, નાન્યતર જાતિ, અને એકવચનમા આવે છે

પ્રયોગ શોધી કાઢવા માટે એક સરળ યુક્તિ નીચે પ્રમાણે છે--

'છોકરો ગયો,' 'છોકરી ગઈ,' 'છોકરૂ ગયુ,' આમા ક્રિયાપદના રૂપો કર્તા પ્રમાણે ફરે છે, માટે પ્રયોગ કર્તરિ

'મે રોટલો ખાધો,' મે મગફળી ખાધી,' 'મે જામફળ ખાધુ,' અહીં ક્રિયાપદના રૂપો કર્મ પ્રમાણે ફરે છે, માટે પ્રયોગ કર્મણિ

'પેટમા દુખે છે,' 'મને અહીં ફાવતું નથી,' અહી ક્રિયાપદના રૂપો કર્તા કે કર્મ એમાથી એકે પ્રમાણે ફરતા નથી, પણ ભાવને અનુસરે છે એટલે ત્રીજા પુરુષ, નાન્યતર જાતિ, અને એક વચનમા હોય છે, માટે પ્રયોગ ભાવે.

ક્રિયાનાથ

જે શબ્દ પ્રમાણે ક્રિયાપદને જાતિવચન લાગે તેને ક્રિયાનાથ (ક્રિયાનો ધણી, એટલે ક્રિયા ઉપર કાબુ ધરાવનાર કે ક્રિયાપદના રૂપને પોતા પ્રમાણે ફેરવનાર) કહે છે કર્તરિપ્રયોગમા કર્તા ક્રિયાનાથ હોય છે, કર્મણિપ્રયોગમા કર્મ ક્રિયાનાથ હોય છે, અને ભાવે પ્રયોગમા ભાવ ક્રિયાનાથ હોય છે.

ધાતુ.

'આપે છે,' 'આપતો' 'આપવુ,' 'આપેલુ,' 'અપાયુ,' 'અપાશે,' આ બધાનું મૂળ 'આપ' છે, તેમજ 'લખ્યુ,' 'લખતો,' લખશે,' 'લખેલુ,' વગેરેમા 'લખ' એ મૂળ છે

જે મૂળ ઉપરથી ક્રિયાપદનાં જુદાં જુદાં રૂપ થાય છે તે મૂળનું નામ ધાતુ

મૂળ ધાતુ અને સાધિત ધાતુ --

'કર,' 'લખ,' 'રમ,' 'પડ,' 'દાબ,' 'ખા,' વગેરે મૂળ ધાતુ કહેવાય છે આ ધાતુને પ્રત્યય લાગવાથી અથવા તેના સ્વરમા ફેરફાર

થવાથી જે રૂપો થાય છે તેને સાધિત એટલે બનાવેલા ધાતુ કહે છેઃ—જેમકે 'કરાવ,' 'જમાડ,' 'પાડ,' 'દબાવ,' 'ખવાડ' વગેરે

'પાડ,' 'કરાવ' 'લખાવ,' વગેરે સાધિત ધાતુઓને **પ્રેરક ધાતુ** કહે છે 'કરાવરાવ' 'લખવરાવ,' વગેરે બેવડા પ્રેરક છે મૂળ ધાતુ ઉપરથી જેટલા રૂપો થાય છે તેટલા પ્રેરક ધાતુ ઉપરથી પણ થાય છે—જેમકે 'ચાલુ છુ,' 'ચલાવુ છુ' 'ચાલ્યો,' 'ચલાવ્યો,' 'ચાલીશ,' 'ચલાવીશ,' 'ચાલતો,' 'ચલાવતો' વગેરે

મૂળ ધાતુ*—કર્તરિ—'હુ કામ કરૂ છુ'
,, —'હુ બેસુ છુ.'
કર્મણિ—'મે કામ કર્યું'
,, —'મારાથી કામ કરાયુ'
ભાવે—'મારાથી બેસાયુ'
પ્રેરક ધાતુ—કર્તરિ—'હુ કામ કરાવુ છુ'
,, —'હુ નગ બેસાડુ છુ'
કર્મણિ—'મે કામ કરાવ્યુ'
,, —'મારાથી કામ કરાવાય'
કર્મણિ—'મારાથી નગ બેસાડાયુ'
ભાવે—'મારાથી તેને બનાવાયુ નહિ'

ક્રિયાપદના પદચ્છેદના નમુના

૧ છગન રડે છે

'**રડે છે**'—અકર્મક ક્રિયાપદ, '**રડ**' ધાતુ વર્તમનકાળ, નિશ્ચયાર્થ, કર્તા 'છગન,' ક્રિયાનાથ કર્તા, ત્રીજો પુરુષ, નર જાતિ, એકવચન, અકર્મક કર્તરિપ્રયોગ

---

* મૂળભેદ, પ્રેરણભેદ, એ પ્રમાણે ક્રિયાપદના ભેદ પાડવાની જરૂર નથી, કારણ કે ઉપરના દાખલાથી સમજાશે કે જેને મૂળભેદ કહેવામા આવે છે તે મૂળ ધાતુ છે, અને પ્રેરણભેદ તે પ્રેરક કે પ્રયોજ્ય ધાતુ છે જેને મૂળભેદ કહે છે તે કર્તરિ રચના છે, અને જેને સહાભેદ કહે છે તે કર્મણિ કે ભાવે રચના છે, સહાતા, શક્યતા, યોગ્યતા, વગેરે જે અર્થો સહાભેદને લાગુ પાડેલા છે તેનો કર્મણિ રચનામા સમાવેશ થાય છે

૨. બેન ગીત ગાય છે.

'**ગાય છે**'—સકર્મક ક્રિયાપદ, 'ગા' ધાતુ, વર્તમાનકાળ, નિશ્ચયાર્થ, કર્તા 'બેન,' કર્મ 'ગીત' ક્રિયાનાથ કર્તા, ત્રીજો પુરુષ, નારી જાતિ, એકવચન, સકર્મક કર્તરિપ્રયોગ

૩. લલિતા પાઠ શીખી

'**શીખી**'—સકર્મક ક્રિયાપદ, 'શીખ' ધાતુ, ભૂત કાળ, નિશ્ચયાર્થ, કર્તા 'લલિના,' કર્મ 'પાઠ,' ક્રિયાનાથ કર્તા, ત્રીજો પુરુષ, નારી જાતિ, એકવચન, સકર્મક કર્તરિપ્રયોગ.

૪. ભાઈએ ગીત ગાયુ

'**ગાયુ**'—સકર્મક ક્રિયાપદ, 'ગા' ધાતુ, ભૂત કાળ, નિશ્ચયાર્થ, કર્તા 'ભાઈએ,' કર્મ 'ગીન,' ક્રિયાનાથ કર્મ, ત્રીજો પુરુષ, નાન્યતર જાતિ, એકવચન, સકર્મક કર્મણિપ્રયોગ

૫ મારાથી ચોપડી લખાઈ

'**લખાઈ,**'—સકર્મક ક્રિયાપદ, 'લખ' ધાતુ, ભૂત કાળ, નિશ્ચયાર્થ, કર્તા 'મારાથી,' કર્મ 'ચોપડી,' ક્રિયાનાથ કર્મ, ત્રીજો પુરુષ, નારી જાતિ, એકવચન, સકર્મક કર્મણિપ્રયોગ

૬. અમે કામ કરાવીએ છીએ

'**કરાવીએ છીએ**'—સકર્મક ક્રિયાપદ, 'કર' ધાતુનુ પ્રેરક રૂપ, વર્તમાન કાળ, નિશ્ચયાર્થ, કર્તા 'અમે,' કર્મ 'કામ,' ક્રિયાનાથ કર્તા, પહેલો પુરુષ, નર જાતિ, બહુવચન, સકર્મક કર્તરિપ્રયોગ

૭ કડીઆથી ભીંત પડાવરાવાઈ

'**પડાવરાવાઈ**' સકર્મક ક્રિયાપદ, 'પડ' ધાતુનું બેવડુ પ્રેરક રૂપ, ભૂત કાળ, નિશ્ચયાર્થ કર્તા 'કડીઆથી,' કર્મ 'ભીંત,' ક્રિયાનાથ કર્મ, ત્રીજો પુરુષ, નારી જાતિ, એકવચન, સકર્મક કર્મણિપ્રયોગ

૮. મને અહીં ગમશે

'**ગમશે**'—અકર્મક ક્રિયાપદ, 'ગમ' ધાતુ, ભવિષ્યકાળ, નિશ્ચયાર્થ, કર્તા ભાવ ક્રિયાનાથ ભાવ, ત્રીજો પુરુષ, નાન્યતર જાતિ, એકવચન, ભાવેપ્રયોગ.

વાક્યપૃથક્કરણ.

ઉદ્દેશ્ય—અત્યાર સુધીમા સાદામા સાદા ઉદ્દેશ્ય વિષે કહ્યુ છે 'રાજા જાય છે,' 'બિલાડીએ ઉંદરને પકડ્યો,' આ બે વાક્યમા 'રાજા' અને 'બિલાડીએ,' એ બને શબ્દો સાદા ઉદ્દેશ્ય છે

ઉદ્દેશ્ય એટલે જેને ઉદ્દેશીને કે મનમાં રાખીને કંઈ કહેવામાં આવ્યુ હોય તે.

ઉદ્દેશ્યવર્ધક—ઉપરના બને વાક્યોને 'પરોપકારી રાજા જાય છે,' 'ધોળી બિલાડીએ ઉંદરને પકડ્યો,' એ પ્રમાણે વધારી બોલવાથી સમજાય છે, કે ઉદ્દેશ્ય 'રાજા' અને 'બિલાડી' સાથે વધારાના શબ્દો 'પરોપમરી' અને 'ધોળી' ઉમેરવામા આવ્યા છે

આ વધારાના શબ્દો ઉદ્દેશ્યવર્ધક કહેવાય છે.

ઉદ્દેશ્યપક્ષ—ઉદ્દેસ્ય અને ઉદ્દેસ્યવર્ધક મળી **ઉદ્દેશ્યપક્ષ** બને છે. 'પરોપમરી રાજા,' અને ધોળી બિલાડીએ,' એ ઉદ્દેસ્યપક્ષ કહેવાય

વિધેય—'પરોપકારી રાજા જાય છે,' 'ધોળી બિલાડીએ ઉંદરને પકડ્યો' 'તે ગાડો થઈ ગયો,' 'રાજાએ તેને પ્રધાન નીમ્યો,' આ વાક્યોમા 'જાય છે,' 'પકડ્યો,' 'થઈ ગયો,' અને 'નીમ્યો,' એ ક્રિયા છે, અને 'ઉંદરને,' 'ગાડો,' અને 'તેને પ્રધાન,' એ ક્રિયાપૂરક છે 'પરોપકારી રાજા,' 'ધોળી બિલાડી,' 'તે,' અને 'રાજા,' એમને વિષે અનુક્રમે 'જાય છે,' 'ઉંદરને પકડ્યો,' ગાડો થઈ ગયો,' અને 'તેને પ્રધાન નીમ્યો,' એ પ્રમાણે કહ્યુ છે, માટે તે **વિધેય** છે.


વિધેય એટલે કહેવા યોગ્ય, ઉદ્દેસ્યને વિષે જે કંઈ કહેલુ હોય તે 'તે ગાડો થઈ ગયો,' આ વાક્યમા 'ગાડો' શબ્દ ક્રિયાનો **અર્થ** પુરો કરે છે, માટે તે ક્રિયાપૂરક છે, પણ તે કર્મ નથી 'બિલાડીએ ઉંદરને પકડ્યો,' એમા 'ઉંદર' શબ્દ ક્રિયાપૂરક, તેમજ કર્મ પણ છે. **દરેક કર્મ ક્રિયાપૂરક છે, પણ દરેક ક્રિયાપૂરક કર્મ નથી,** એ ઉપરના દાખલાથી સમજાય છે

વિધેયવર્ધક—ધોળી બિલાડીએ ઉંદરને પકડ્યો, એમ કહેવાને બદલે 'ધોળી બિલાડીએ રાતે ઘણી ઝડપથી ઉંદરને પકડ્યો,' એમ

કહેવાથી વિધેયના અર્થમા કંઈક વધારો થાય છે 'રાતે' અને 'ઘણી ઝડપથી.' એ વિધેયના વધારાના શબ્દો છે તે **વિધેયવર્ધક** કહેવાય છે

વિધેયપક્ષ—વિધેય અને વિધેયવર્ધક મળી **વિધેયપક્ષ** બને છે ઉપરના વાક્યમા 'રાતે ઘણી ઝડપથી ઉંદરને પકડ્યો' એ વિધેયપક્ષ છે.

આટલા વિવેચન ઉપરથી વાક્યના ભાગ કેમ પાડવા તે સમજાય છે વાક્યનુ પૃથક્કરણ (પૃથક્ + કરણ) કરવુ એટલે વાક્યના અર્થવાળા ભાગ જુદા પાડી બતાવવા



વાક્ય	**ઉદ્દેશ્ય.**	**વિધેય**
૧ જાઓ	તમે (સમજી લેવાનો)	જાઓ.
૨ પરમેશ્વર છે.	પરમેશ્વર.	છે
૩ છોકરો દોડતો નથી	છોકરો.	દોડતો નથી.

વાક્ય.	ઉદ્દેશ્યવર્ધક	ઉદ્દેશ્ય.	વિધેય.		વિધેયવર્ધક.
			ક્રિયા.	ક્રિયાપૂરક	
૪ છોકરો રોટલી ખાય છે	x	છોકરો	ખાય છે.	રોટલી.	x
૫ બે આંધળા છોકરાએ આઠ મોટી રોટલી ખાધી.	બે આંધળા	છોકરાએ	ખાધી	આઠ મોટી રોટલી	x
૬. મારા કાકાનો છોકરો મગન, મારા મામાના છોકરા છગનને બોલાવે છે.	મારા કાકાનો છોકરો.	મગન.	બોલાવે છે.	મારા મામાના છોકરા છગનને	x
૭ રાજા બ્રાહ્મણને દક્ષિણા આપે છે	x	રાજા.	આપે છે.	દક્ષિણા (પ્રધાનકર્મ). બ્રાહ્મણને (ગૌણકર્મ)	x
૮. કર્ણ જેવા ઉદાર રાજાએ વિદ્વાન બ્રાહ્મણોને દક્ષિણા આપી.	કર્ણ જેવા ઉદાર	રાજાએ	આપી	દક્ષિણા (પ્રધાનકર્મ) વિદ્વાન બ્રાહ્મણોને (ગૌણકર્મ)	x

વાક્ય.	ઉ. વ.	ઉ	વિ.		વિ વ
			ક્રિયા	ક્રિયાપૂરક	
૯ શાણો દેવદત્ત ઘરમા નથી	શાણો	દેવદત્ત	નથી *	ઘરમા	×
૧૦. મારો નાનો ભાઈ અમદાવાદમા ભણતો નથી.	મારો નાનો	ભાઈ	ભણતો નથી.	×	અમદાવાદમાં
૧૧. વર્ષ સારૂં નીવડ્યું	×	વર્ષ	નીવડ્યુ.	સારૂં.	×
૧૨. પહોરનું વર્ષ બેશક બહુ સારૂં નીવડ્યું.	પહોરનુ	વર્ષ.	નીવડ્યુ	બહુ સારૂં	બેશક (નિશ્ચયદર્શક)
૧૩. તમે મોડા આવ્યા	×	તમે	આવ્યા	×	મોડા (કાળદર્શક)
૧૪. તું આટલો બધો વહેલો કેમ જાય છે ?	×	તું	જાય છે		આટલો બધો વહેલો. (કાળદર્શક) કેમ કારણદર્શક.

* હોવું, થવું, નીવડવું, રહેવું, બનવું, વગેરે અકર્મક ક્રિયાપદો અપૂર્ણ વિધેયવાચક એટલે જેટલુ કહેવા યોગ્ય હોય તે બધુ નહિ દર્શાવનારા છે આવા ક્રિયાપદો પહેલા કેટલાક શબ્દો આવે ત્યારેજ વિધેય સપૂર્ણ થાય છે આ પૂરક શબ્દો નામ, વિશેષણ, ક્રિયાવિશેષણ (ક્રિયાનું વિશેષણ) વગેરે હોય છે

પાચમા વાક્યમાં ' બે ' અને ' આંધળા,' એ શબ્દો ઉદ્દેશ્યના વર્ધક છે એ શબ્દો ' છોકરા ' એ નામના સબધમા કઈ વિશેષ કે વધારો બતાવે છે, માટે વિશેષણ કહેવાય છે આજ વાક્યમા ' આઠ ' અને ' મોટી,' એ વિશેષણો ' રોટલી ' જે ક્રિયાપૂરક છે તેના વધારા તરીકે આવ્યા છે

ઉદ્દેશ્ય કે ક્રિયાપૂરકના વધારા તરીકે એક કે એકથી વધારે વિશેષણ આવે છે.

છઠ્ઠા વાક્યમા 'મારા કાકાનો છોકરો,' એ શબ્દસમૂહ ઉદ્દેશ્યનો અને 'મારા મામાના છોકરા,' એ ક્રિયાપૂરકનો વર્ધક છે આ વર્ધકમા 'મારા કાકાનો' અને 'મારા મામાના,' એ શબ્દસમૂહો છઠ્ઠી વિભક્તિમા છે

ઉદ્દેશ્ય અને ક્રિયાપૂરકના વધારા તરીકે નામ કે સર્વનામનાં છઠ્ઠી વિભક્તિનાં રૂપ પણ આવે છે

છઠ્ઠા વાક્યમા 'છોકરો' શબ્દ 'મગન' એ ઉદ્દેશ્યના સમાનાર્થમાં છે, અને 'છોકરા' શબ્દ 'છગન' એ પૂરકના સમાનાર્થમા છે

જે નામો ઉદ્દેશ્યના સમાનાર્થમા વપરાએલા હોય છે, તે તેના વર્ધક ગણાય છે, અને જે પૂરકના સમાનાર્થમા હોય છે તે પૂરકના વર્ધક ગણાય છે

બારમા વાક્યમા 'બેશક' એ ક્રયાનુ વિશેષણ છે, માટે તે વિધેયવર્ધક છે.

વિશેષણ.

' રાજા જાય છે,' અને 'બિલાડીએ ઉંદરને પકડયો,' આમાના પહેલા વાક્યમા ઉદ્દેશ્ય 'રાજા'ની પહેલા 'પરોપકારી' એ શબ્દ ઉમેરવાથી રાજા કેવો છે એ સમજાય છે. બીજા વાક્યમા ઉદ્દેશ્ય ' બિલાડી 'ની પહેલા 'ધોળી' શબ્દ ઉમેરવાથી અને 'ઉંદર' એ કર્મની પહેલા 'એક' ઉમેરવાથી કેવી બિલાડીએ કેટલા ઉંદર પકડ્યા એ નક્કી થાય છે. એજ પ્રમાણે 'બે છોકરા આવ્યા,' 'પાચ ઝાડ પડયા, 'રાતી ગાય ચરે છે,' 'મોટા વાદરા લડયા, આ પ્રમાણે કહેવાથી છોકરા અને ઝાડની સખ્યા, તથા ગાય અને વાદરા કેવા છે, એ નક્કી સમજાય છે. 'બે,' ' પાચ,'

'રાતી,' અને 'મોટા,' એ શબ્દો નામની પહેલા આવી તે સબંધમાં કંઈ **વિશેષ** બતાવે છે, માટે તે **વિશેષણ** કહેવાય છે **વિશેષ** એટલે વધારો (ગુણ કે સમાચાર ,

જે શબ્દો વસ્તુ કેવી છે, કેટલી છે, વગેરે વિશેષ સમજાવે છે તે વિશેષણ

'છોકરા,' 'ઝાડ' ... અને 'વાદરા' ના અથમા વિશેષ વધારો થાય છે, માટે એ શબ્દો **વિશેષ્ય** કહેવાય 'તે **ડાહ્યો** છે,' '**ઉંચો** મહેલ આકાશ ... વાતો કરે છે,' 'તે **ઉતાવળો** આવ્યો,' આ વાકયોમા 'ડાહ્યો, ઉંચે,' અને ઉતાવળો,' એ શબ્દો વિશેષણ છે અને અનુક્રમ ક્રિયાવર્ધક, ઉદ્દેસ્યવર્ધક, અને વિધેયવર્ધક તરીકે વપરાયા છે

વિશેષણ ક્રિયાવર્ધક ઉદ્દેશ્ય વર્ધક, કે વિધેયવર્ધક તરીકે પણ આવે છે.

વિશેષણના પ્રકાર

સખ્યાવાચ ... 'ચાર,' 'પચાસ,' 'સો, વગેરે સખ્યા બતાવનારા વિશેષણ ... માટે તે **સંખ્યાવાચક** વિશેષણ કહેવાય છે.

ગુણવાચક - ... 'નીચો,' 'લાલ,' 'સફેદ,' 'સારો,' વગેરે શબ્દો વસ્તુના ગુણ ... છે. આવા શબ્દો **ગુણવાચક** વિશેષણ કહેવાય છે.

વિકારી — ... છોકરો,' 'સારા છોકરા,' 'સારી છોકરી,' 'સારા છોકરા,' '... ...રે,' અહીં ગુણવાચક વિશેષણ 'સારો' એમા તેની જાતિ ... ફેરફાર થવાથી **વિકાર** એટલે ફેરફાર થાય છે આવા વિશેષણ **વિકારી** કહેવાય છે.

અવિકારી — ... ઘોડો,' 'લાલ ઘોડા,' 'લાલ ઘોડીઓ,' 'લાલ ઘોડાઓ,' '... ... ડીએ,' અહીં ગુણવાચક વિશેષણ 'લાલ' એમા તેની જાતિ ... મા ફેરફાર થવાથી વિકાર થતો નથી આવા વિશેષણો **અવિકારી** કહેવાય છે

ક્રિયાવિશેષણ —

૧. મહેતાજીનો છોકરો ઉપર ચોપડી વાંચે છે.
૨. મારો ભાઈ ઘણું દોડયો.
૩. તમારો ભત્રીજો **ધીમે ધીમે** ગાય છે.

આ વાકયોના બે પક્ષ નીચે મુજબ થશે —

ઉદ્દેશ્યપક્ષ	વિધેયપક્ષ.
૧ મહેતાજીનો છોકરો	ઉપર ચોપડી વાંચે છે.
૨. મારો ભાઈ.	ઘણું દોડયો.
૩. તમારો ભત્રીજો.	ધીમે ધીમે ગાય છે.

વિધેયપક્ષ.

વિધેય — વિધેયવર્ધક.

વિધેય: ક્રિયા. — ક્રિયાપૂરક.

ક્રિયા.	ક્રિયાપૂરક.	વિધેયવર્ધક.
વાંચે છે.	ચોપડી.	ઉપર.
દોડયો.	×	ઘણું.
ગાય છે.	×	ધીમે ધીમે.

'ઉપર,' 'ઘણું,' અને 'ધીમે ધીમે,' એ વિધેયવર્ધક છે, અને જુદી જુદી ક્રિયાઓ કયાં, કેટલી, અને કેવી રીતે, થાય છે એ તે શબ્દોથી સ્પષ્ટ થાય છે.

'ઘોડો ઘણો ધીમો ચાલ્યો,' 'ગાડી ઘણી ઉતાવળી ચાલી,' આ વાકયોમા 'ઘણો ધીમો' અને 'ઘણી ઉતાવળી' એ પણ વિધેયવર્ધકજ છે.

આ બધા વિધેયવર્ધક શબ્દો **ક્રિયાવિશેષણ** કહેવાય છે, કારણ કે તે ક્રિયાપદનો ગુણ બતાવી, તેના અર્થમા વધારો કરે છે, એટલે ક્રિયા શી રીતે, ક્યા, અને ક્યારે થાય છે વગેરે સમજાય છે.

વિધિવાચક વિશેષણ.

વિશેષણનો નામ સાથે સબંધ હોય છે, એ 'પરોપકારી રાજા,' 'ધોળી બિલાડી,' વગેરે દાખલા ઉપરથી સમજાય છે, પરન્તુ 'તે સારો છે,' 'પૃથ્વી ગોળ છે,' 'તે પૈસાદાર થયો,' આ વાક્યોનું પૃથક્કરણ કરીશુ તો 'સારો છે' અને ગોળ છે,' એ વિધેય થશે. અહીં વિશેષણ વિધેયના ભાગ છે, વિધિ અથવા વિધાન કહેનાર છે, માટે **વિધિવાચક વિશેષણ** કહેવાય છે પદચ્છેદમા તો એ **ગુણવાચક વિશેષણ** કહેવાય.

વિશેષણ તરીકે વપરાએલાં સર્વનામ.

'તમે **શું** બોલ્યા ?,' અહીં '**શું**' પ્રશ્નાર્થક સર્વનામ છે, પણ 'તમે શુ કામ કર્યુ ?,' આમા '**શું** પ્રશ્નાર્થક વિશેષણ છે 'તેવુ કામ મારાથી નહિ થાય,' 'તેટલુ જોર તેનામા નથી,' 'તેવડુ જાનવર આપણે કોઈ દિવસ જોયુ નથી,' આ વાક્યો તપાસતા જણાય છે, કે 'તેવુ' 'તેટલુ,' અને 'તેવડુ, એ શબ્દો અનુક્રમે 'કામ,' 'જોર,' અને 'જાનવર,' એ શબ્દો સાથે આવી તેમના અર્થમા કંઈક વધારો છે, માટે 'તેવુ,' 'તેટલુ,' 'તેવડુ,' વગેરે વિશેષણ છે.

ઘણાંખરાં સર્વનામ પછી નામ આવતાં, સર્વનામ વિશેષણ બને છે.

અવ્યય.

ક્રિયાવિશેષણ અવ્યય —

'તે જલદી દોડયો,' 'તે જલદી દોડી,' 'તે જલદી દોડયુ,' આ વાક્યોમા 'જલદી' **ક્રિયાવિશેષણ** છે 'જલદી' એ શબ્દનુ રૂપ બદલાયા વિના તેવુ ને તેવુ રહે છે, એટલે કે તેનું રૂપ વિભક્તિ, જાતિ, કે કાળદર્શક પ્રત્યયો સ્વીકારતુ નથી, માટે તે **ક્રિયાવિશેષણ અવ્યય** (અ=નહિ, અને વ્યય=ફેરફાર) કહેવાય 'નક્કી,' 'ખચીત,' 'જરૂર,' વગેરે આવા અવ્યયો છે.

'છોકરો ધીમો ચાલ્યો,' 'છોકરી ધીમી ચાલી,' 'છોકરૂ ધીમુ ચાલ્યુ,' અહીં 'ધીમો,' 'ધીમી,' અને 'ધીમુ,' તેમજ તેના જેવા બીજા કેટલાક

શબ્દો માત્ર **ક્રિયાવિશેષણ** કહેવાય, કારણ કે તેના રૂપો 'ક્રિયાનાચ'ની જાતિ પ્રમાણે બદલાય છે

'તે **ધીમેથી** બોલ્યો,' 'તુ **ક્યારનો** આવ્યો છે ?,' આ વાક્યોમા 'ધીમે' અને 'ક્યારે,' એ ક્રિયાવિશેષણ અવ્યયને વિભક્તિના પ્રત્યયો લાગેલા છે સાધારણ રીતે ક્રિયાવિશેષણ અવ્યયને આવા પ્રત્યયો લાગતા નથી ઉપરના તેમજ તેના જેવા બીજા કેટલાક દાખલા અપવાદરૂપેજ છે.

ક્રિયાવિશેષણ અવ્યયના મુખ્ય પ્રકાર.

૧ વખત દેખાડનાર--અત્યારે, એટલામા, ક્યારે, જ્યારે, ઝટ, ઝટપટ, નિત્ય, પરાર, પહોર, હમણા વળતી, ઓણુ, વગેરે.

૨ ઠેકાણુ બતાવનાર--આમ, આગળ, અહીં, જ્યા ઉંચે, ઉપર, ક્યા ક્હીં, ત્યા, તગે, દૂર, નીચે, પણે, પાછળ, પાસે, બહાર, માહે, સાથે, હેઠળ, વગેરે

૩ રીત દેખાડનાર--આમ, એમ, કેમ જેમ, તેમ, હળવે, ધીમે, ધીમેધીમે, વગેરે

૪ નકાર બતાવનાર--ન, નહિ, ના, મા

૫. ઉપર સિવાયના બીજા--જેના કે, જરા, ઠીક, થોડુ, ભલે, સારૂ, વગેરે.

નામયોગી અવ્યય--

ક્રિયાવિશેષણ વિધેયવર્ધક તરીકે આવે છે એ આગળ પૃથક્કરણદ્વારા સમજાવ્યુ છે

૧. ઘર **પછવાડે** ચોર ઉભો હતો

૨. ઘોડો નિશાળ **આગળ** અટક્યો.

૩ તારા **વિના** કામ થશે નહિ

૪ મારી **પાસે** આવો

આ વાક્યોનુ પૃથક્કરણ કરવાથી જણાય છે, કે 'ઘર પછવાડે,' 'નિશાળ આગળ,' 'તારા વિના,' 'મારી પાસે,' એ શબ્દસમૂહ વિધેયવર્ધક છે 'ઘર પછવાડે' અથવા 'ઘરની પછવાડે,' 'નિશાળ આગળ' અથવા 'નિશાળની આગળ' એમ પણ બોલી શકાય. ઉપરના વાક્યોમા વપરાએલા અવ્યયો 'પછવાડે,' 'આગળ,' 'વિના,'

અને 'પાસે,' અનુક્રમે 'ઘર,' 'નિશાળ,' 'તારા,' અને 'મારી,' એ શબ્દો સાથે જોડાએલા છે. નામ, સર્વનામ, કે તેવા અર્થમા વપરાએલા શબ્દોની સાથે જોડાએલા અવ્યયોને **નામયોગી અવ્યય** કહે છે. અવ્યયો અને નામ, સર્વનામ કે તેવા અર્થમા વપરાએલા શબ્દો વચ્ચેનો સબધ છઠ્ઠી વિભક્તિના પ્રત્યયથી જણાય છે. આ પ્રત્યય હજર હોય કે તેનો **અધ્યાહાર** હોય, એટલે તે સમજી લેવાનો હોય.

'વાદરો છાપરા ઉપર બેઠો હતો,' અને 'વાદરો છાપરા ઉપર છે,' આ બે વાક્યો તપાસતા જણાશે, કે પહેલા વાક્યમા 'છાપરા ઉપર' એ વિધેયવર્ધક છે અને બીજામા 'છાપરા ઉપર' એ 'છે' એ અપૂર્ણ વિધેયવાચક ક્રિયાપદનો પૂરક છે. આટલા વિવેચન ઉપરથી બે મુખ્ય નિયમો નીકળે છે તે નીચે મુજબ --

૧ જે અવ્યય નામની સાથે જોડાએલું હોય છે, તે નામયોગી અવ્યય કહેવાય છે.

૨ નામયોગી અવ્યય અને નામયોગી અવ્યયથી બનેલો શબ્દસમૂહ ઘણે ભાગે વિધેયવર્ધક તરીકે અને ક્વચિત્ ક્રિયાપૂરક તરીકે આવે છે.

સૂચના --આ બે ઉપરાત **ઉભયાન્વયી** અને **કેવળપ્રયોગી** એવા અવ્યયના બીજા બે પ્રકાર વિષે આગળ કહેવામા આવશે.

વાક્યના પ્રકાર.

અત્યાર સુધીમા વાક્ય અને તેના જુદા જુદા ભાગ-ઉદ્દેશ્ય, ઉદ્દેશ્યવર્ધક, વિધેય, અને વિધેયવર્ધક વિષે કહેવામા આવ્યુ છે. હવે બીજા કેટલાક વાક્યો તપાસીએ.

૧. મગનલાલ વાર્તા કહે છે.
૨. છગનલાલ કહે છે, કે હુ વાર્તા કહીશ નહિં.
૩. જો છગનલાલ નહિ કહે, તો હુ કહીશ.
૪. તમે કહેજો, અથવા હું કહીશ.

પહેલા વાક્યમા એકજ મુખ્ય મુદ્દા વિષે કહ્યુ છે. આ વાક્યમા એકજ ક્રિયાપદ છે. આ અને આવા બીજાં વાક્યોને **સાદાં** વાક્ય કહેવામા આવે છે બીજા વાક્યમા 'કહે છે' ક્રિયાપદનો 'હુ વાર્તા કહીશ નહિ' એ આખુ વાક્ય પૂરક છે 'છગનલાલ કહીશ નહિ' આ વાક્યમા બે ઉદ્દેશ્ય અને બે ક્રિયાપદ છે, એટલુજ નહિ, પરન્તુ 'છગનલાલ કહે છે, અને 'હુ વાર્તા કહીશ નહિ,' એ બને વાક્યો સરખા અધિકારવાળા નથી 'છગનલાલ કહે છે,' એ **મુખ્ય** કે **પ્રધાન** વાક્ય છે, ને 'હુ વાર્તા કહીશ નહિ' એ તેના ઉપર આધાર રાખનાર કે **ગૌણ** વાક્ય છે આજ પ્રમાણે ત્રીજા વાક્યમા 'હુ કહીશ' એ પ્રધાન વાક્ય છે, અને 'જો છગનલાલ નહિ કહે' એ ગૌણ વાક્ય છે. બીજા અને ત્રીજા વાકને અને તેવા બીજા વાક્યોને **મિશ્ર** વાક્ય કહે છે ચોથુ વાક્ય તપાસતા જણાશે, કે તેમા બે ઉદ્દેશ્ય અને બે ક્રિયાપદ છે, પણ 'તમે કહેજો,' અને 'હુ કહીશ,' એ બને વાક્યો તદ્દન સ્વતત્ર છે, એટલે એક વાક્યનો આધાર બીજા ઉપર બીલકુલ નથી. ચોથુ વાક્ય તેમજ તેના જેવા બીજા વાક્યોને **સંયુક્ત** વાક્ય કહે છે.

ગૌણ વાક્યોના પ્રકાર.

નામવાક્ય—'હરિલાલ કહે છે, કે હુ બાગમા જાઉં છુ,' 'તે મોડી રાત સુધી ઉજાગરો કરે છે, એ સારૂ નથી,' એ પૈકી પહેલા વાક્યમા 'હુ બાગમા જાઉં છુ,' અને બીજામા 'તે મોડી રાત સુધી ઉજાગરો કરે છે,' એ ગૌણ વાક્યો છે 'હુ બાગમા જાઉં છુ,' એ ગૌણ વાક્ય 'કહે છે' ક્રિયાપદનો પૂરક, કર્મ છે, અને 'તે મોડી રાત સુધી ઉજાગરો કરે છે,' એ ગૌણ વાક્ય, 'એ'ની સમાન વિભક્તિમા છે પહેલુ ગૌણ વાક્ય, જેમ કોઈ નામ (કે તેને માટે વપરાએલો શબ્દ) ક્રિયાપદના કર્મ તરીકે આવે છે તેમ આવેલુ છે, અને બીજુ ગૌણ વાક્ય સમાન વિભક્તિમા આવેલા નામની પેઠે વપરાયુ છે.

જે ગૌણ વાક્ય નામની પેઠે વપરાય છે તેને નામવાક્ય કહે છે.

વિશેષણવાક્ય —' જે માણસ કાલે આવ્યો હતો તે આજ છે,' 'તમે જે કહો છો તે હુ સમજુ છુ,' આમા ' જે માણસ કાલે આવ્યો હતો,' એ ગૌણ વાક્ય ' તે 'નુ વિશેષણ છે, અને ' તમે જે કહો છો,' એ ગૌણ વાક્ય ' તે 'નુ વિશેષણ છે.

જે ગૌણ વાક્ય વિશેષણ તરીકે વપરાય છે તેને વિશેષણ-વાક્ય કહે છે.

ક્રિયાવિશેષણવાક્ય —' જ્યા તુ જઈશ, ત્યા હુ આવીશ,' ' જ્યાસુધી તુ સાચુ બોલશે નહિ, ત્યાસુધી હુ તને ચાહીશ નહિ,' આ વાક્યોમા ' જ્યા તુ જઈશ,' અને ' જ્યાસુધી તુ સચુ બોલશે નહિ,' એ ' ત્યા ' અને ' ત્યાસુધી ' એ ક્રિયાવિશેષણ અવ્યયના અર્થ સ્પષ્ટ કરી બનાવે છે, તેથી તે ક્રિયાવિશેષણ અવ્યયરૂપજ છે, માટે એ ગૌણ વાક્યોને ક્રિયાવિશેષણ વાક્યો કહે છે

જે ગૌણ વાક્ય ક્રિયાવિશેષણ તરીકે વપરાય છે તેને ક્રિયાવિશેષણવાક્ય કહે છે.

વાક્ય પૃથક્કરણના નમુના.

કેટલાક વાક્યોનું પૃથક્કરણ ખુલાસા સાથે નમુના દાખલ આપ્યુ છે. તેને અનુસરીને બીજા વાક્યોનું પૃથક્કરણ કરવુ.

૧ તે સદ્‌ગૃહસ્થ છે એ નિ સશય છે.

૨ તે આટલો બધો જલદી કેમ જતો રહ્યો, એ હુ જાણતો નથી.

૩ વિધવાનુ લગ્ન સશાસ્ત્ર છે એમ કેટલાક માને છે

૪ જેમને ઉંડા ઉતરી વિચાર કરવાની ટેવ છે, તે આ ગહન વિષય સમજી શકશે

૫ જ્યારે હુ, અલ્પજ્ઞ પુરુષ, હાથીના જેવો મદાંધ હતો, ત્યારે હું સર્વજ્ઞ છુ એમ મારૂ મન ગર્વિત હતુ, પણ જ્યારે કિંચિત્ કિંચિત્ બુધજન પાસેથી મે પ્રાપ્ત કર્યું, ત્યારે હુ મૂર્ખ છુ એમ મારો મદ જ્વરની પેઠે જતો રહ્યો.

વાક્ય.	પ્રકાર.	ઉદ્દેશ્ય	ઉદ્દેશ્યવર્ધક	વિધેય.		વિધેયવર્ધક.
				ક્રિયા	ક્રિયાપૂરક	
૧. તે સદ્ગૃહસ્થ . . . નિ સશય છે	મિશ્ર વાક્ય.	એ	તે સદ્ગૃહસ્થ છે	છે	નિ સશય	૦
તે સદ્ગૃહસ્થ છે	નામવાક્ય-'એ'ની સમાન વિભક્તિમાં છે માટે.	તે	૦	છે.	સદ્ગૃહસ્થ	૦
૨. તે...જાણુતો નથી.	મિશ્ર વાક્ય	હું	૦	જાણુતો નથી	તે આટલો બધો એ.	૦
તે આટલો બધો.. જતો રહ્યો.	નામવાક્ય-'એ'ની સમાન વિભક્તિમાં છે માટે	તે	૦	જતો રહ્યો.	૦	આટલો બધો જલદી (કાળદર્શક). કેમ (કારણદર્શક)
૩. વિધવાનું .....માને છે.	મિશ્ર વાક્ય.	કેટલાક	૦	માને છે	વિધવાનું એમ.	૦

વાક્ય.	પ્રકાર.	ઉદ્દેશ્ય	ઉદ્દેશ્યવર્ધક	વિધેય		વિધેયવર્ધક.
				ક્રિયા.	ક્રિયાપૂરક.	
વિધવાનું . સશાસ્ત્ર છે.	નામવાક્ય-'એમ'ની સાથે સમાન વિભક્તિમા છે માટે	લગ્ન	વિધવાનુ	છે.	સશાસ્ત્ર.	•
૪. જેમને..સમજી શકશે	મિશ્ર વાક્ય.	તે.	જેમને ટેવ છે.	સમજી શકશે.	આ ગહન વિષય.	•
જેમને .. ટેવ છે	વિશેષણવાક્ય. 'તે'નુ વિશેષણ છે માટે	ટેવ.	ઉંડા ઉતરી કરવાની	છે.	જેમને	•
૫. જ્યારે જતો રહ્યો	સયુક્ત વાક્ય	...	...	...	...	
(આ)જ્યારે . . હતું	મિશ્ર વાક્ય	મન	મારૂં	હતું.	ગર્વિષ્ઠ.	હું . એમ (કારણવાચક). જ્યારે . . મહાન્ હતો ત્યારે. (કાળવાચક).

વાક્ય.	પ્રકાર.	ઉદ્દેશ્ય.	ઉદ્દેશ્યવર્ધક.	વિધેય		વિધેયવર્ધક.
				ક્રિયા	ક્રિયાપૂરક.	
હું સર્વજ્ઞ છુ	ક્રિયાવિશેષણવાક્ય	હું	•	છુ	સર્વજ્ઞ	•
જ્યારે . . હતો	ક્રિયાવિશેષણવાક્ય	હું	અલ્પજ્ઞ પુરુષ.	હતો.	હાથીના જેવો મદાન્ધ.	જ્યારે (કાળવાચક).
(અ) જ્યારે રહ્યો	મિશ્ર વાક્ય.	મદ.	મારો	જતો રહ્યો	•	જ્વરની પેઠે (રીત-વાચક) હુ મૂર્ખ છુ એમ (કારણવાચક) જ્યારે કર્યું ત્યારે. (કાળવાચક).
હું ... .. છું જ્યારે... પ્રાપ્ત કર્યું	ક્રિયાવિશેષણવાક્ય ક્રિયાવિશેષણવાક્ય.	હું મેં.	• •	છું. પ્રાપ્ત કર્યું	મૂર્ખ કિંચિત્ કિંચિત્	• બુધજન પાસેથી, (સ્થળદર્શક) જ્યારે, (કાળવાચક)

ઉભયાન્વયી અવ્યય —

'તમે કહેજો **અથવા** હુ કહીશ,' એ સયુક્ત વાક્યમા 'તમે કહેજો' અને 'હુ કહીશ' એ બે પ્રધાન વાક્યો '**અથવા**' અવ્યયથી જોડાએલાં છે 'તમે આવજો કે હુ આવીશ,' 'તમે ઘડી ઘડીમા ગુસ્સે થાઓ છો, **પણ** હુ થતો નથી,' 'એક હતો ચકલો **અને** એક હતી ચકલી,' અહીં '**અથવા,**' '**કે,**' '**પણ,**' ને '**અને,**' એ અવ્યયોથી સ્વતત્ર વાક્યો જોડાયા છે 'રામ **અને** લક્ષ્મણ,' 'રાવણ **અને** કુભકર્ણ,' અહીં '**અને**' અવ્યય બે વાક્યને નહિ પણ બે શબ્દને જોડે છે.

જે અવ્યયો બે શબ્દો કે વાક્યોને જોડે છે તેને ઉભયાન્વયી અવ્યય કહે છે.

ઉભયાન્વયી=ઉભય એટલે બે (શબ્દ કે વાક્ય) + અન્વયી એટલે જોડનાર

નીચેના શબ્દો ઉભયાન્વયી અવ્યયો તરીકે વપરાય છે—અથવા, તથા, અને, ને, કે, જે, વળી, વા, કિંવા, અગર, પણ, પરન્તુ, તથાપિ, છતા, બાકુ, કિન્તુ, કેમકે, માટે, તેથી, નહિતો, વગેરે.

ઉભયાન્વયી અવ્યયોને વાક્યપૃથક્કરણમા પડતા મૂકવા, કારણ કે વાક્યમા તેમનો સમાવેશ થતો નથી

વિભક્તિઓના અર્થ વિષે વિશેષ વિચાર.

પહેલી વિભક્તિ —

૧. નિર્દેશ — ૧ **છોકરો** નિશાળે જાય છે.
૨ મે **ચોપડી** લખી.
૩ મારાથી **ચોપડી** લખાઈ.
૪ તે **રાજા** થયો.
૫ **સવાર** થતા લસ્કરે કૂચ કરી.

૨. પરિમાણ — ૧ મે **પાલી** ચોખા લીધા.
૨. તેણે એક **લોટો** પાણી પીધુ.

૩. સંબોધન — ૧. હે **મૂર્ખ**, તે આ શુ કર્યુ ?
૨. **ભાઈ**, અહીં આવો.

બીજી વિભક્તિ—

૧. કર્મ—૧ હું **ચોપડી** લખું છું
૨ હું **મગનને** બોલાવું છું.
૩ મેં **તેને** માર્યો
૪ હું **તેને પ્રશ્ન** પૂછું છું પ્રશ્ન=પ્રધાન કર્મ, **તેને**=ગૌણ કર્મ.

૨. સ્થળ—તે **મુંબઈ** ગયો
૩. કાળ—તે આઠ **કલાક** ઊંઘ્યો.
૪. અંતર—તે બે **ગાઉ** ચાલ્યો.

ત્રીજી વિભક્તિ—

૧. કર્તા—**રામે** વાલીને માર્યો
૨. કરણ—મેં તેને **લાકડીએ** માર્યો
૩. હેતુ—**ગરમીએ** શરીર સુકાય છે.
૪. મૂલ્ય—૧ બે **આને** શેર
૨ ચાર **રૂપીએ** મણ
૫. અંગવિકાર—સોમનાથ **પગે** લંગડો છે

ચોથી વિભક્તિ—

૧. સંપ્રદાન—૧ તેણે **ગુરુને** દક્ષિણા આપી
૨ છોકરે **પિતાને** પત્ર મોકલ્યો.
૩ **મને** તે ચીજ ગમે છે
૪ **તેને** તે બાબત રુચતી નથી
૫ **અમને** ત્યાં જવું ઠીક લાગ્યું નહિ.

૨. તાદર્થ્ય (તેને માટે એવો ભાવ)—
૧. **લડવાને** તૈયાર થાઓ.

પાંચમી વિભક્તિ—

૧. અપાદાન—૧. તે **ગામથી** નીકળ્યો.
૨. નદી **શહેરથી** દૂર છે.
૩. **મગનલાલથી** મોતીલાલ મોટો છે.
૪. તે **સૌથી** સારું છે.

૨. કર્તા —મગનલાલથી પાઠ વચાયો.
૩. કરણ—તેણે ચપ્પુથી કલમ ઘડી.
૪. હેતુ —ગરમીથી પાણી સુકાય છે.
૫. મર્યાદા—મહીનાથી મોટો છે.

છઠ્ઠી વિભક્તિ—

સબંધ

૧. છોકરાની ચોપડી (માલીક અને તેની માલકીની ચીજનો સબંધ)
રાજાનો નોકર (શેઠ અને ચાકરનો સબંધ)
૩ ઝાડની ડાળી (આખી વસ્તુ અને તેના ભાગ વચ્ચેનો સબંધ)
૪ સોનાની કડી (પદાર્થ અને તેની બનેલી ચીજ વચ્ચેનો સબંધ)
૫ સુરજનુ તેજ (મૂળ અને તેમાંથી ઉત્પન્ન થએલી વસ્તુનો સબંધ.)
૬ વડનુ ઝાડ. (એકપણાનો સબંધ)
૭ ઘીની કુપી (આધાર અને તેના આશ્રયે રહેલી વસ્તુ વચ્ચેનો સબંધ)

છઠ્ઠી વિભક્તિ સાતમીના અર્થમા પણ વપરાય છે—જેમકે, 'દિવસના સૂવુ અને રાતના જાગવુ, એ કુદરતી નિયમ વિરુદ્ધ છે.'

સાતમી વિભક્તિ—

આધિકરણ—૧ તે નગરમાં વસે છે
૨ મગનને માથે પાઘડી છે
૩ વર્ણોમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ છે
૪ પચીસ રૂપીઆમાં ઘર નહિ બંધાય
૫ અર્ધા કલાકમાં પાછો આવુ છુ.

ત્રીજી અને સાતમી વિભક્તિ વચ્ચેનો ભેદ.

ત્રીજી અને સાતમી વિભક્તિમા 'એ' પ્રત્યય સામાન્ય હોવાથી ગુંચવાડો ઉત્પન્ન થવાનો સંભવ છે 'એ' પ્રત્યય કરણવાચક હોય તો ત્રીજી, અને અધિકરણવાચક હોય તો સાતમી થાય છે.

૧ તે આ રસ્તે વડોદરે ગયો.
રસ્તે=કરણવાચક ત્રીજી
વડોદરે=અધિકરણવાચક સાતમી.

૨. આ **રસ્તે** અહીં આવો.
   રસ્તે = ત્રીજી.
૩. **રસ્તે** ચાલ્યો.
   રસ્તે = સાતમી.
૪. તે **ઝાડે** ચઢ્યો.
   ઝાડે = સાતમી.
૫. તે આ **ડાળીએ ઝાડે** ચઢ્યો.
   ડાળીએ = ત્રીજી.
   ઝાડે = સાતમી.
૬. તેને **માથે** પાઘડી છે.
   માથે = સાતમી.
૭. તેણે **માથે** પોટલી ઉંચકી છે.
   માથે = ત્રીજી.

કારક અને વિશેષણ વિભક્તિ.

છઠ્ઠી સિવાયની બધી વિભક્તિઓને કારક વિભક્તિ કહે છે, કેમકે તેઓ ક્રિયાપદ સાથે સબધ રાખે છે. છઠ્ઠી વિભક્તિને વિશેષણ વિભક્તિ કહે છે, કારણ કે તે વિશેષણનુ કામ કરે છે.

કૃદંત.

'હુ લખુ છુ' એમ બોલવાથી વાક્ય બને છે અને બોલવાનો અર્થ સમજાય છે, પરન્તુ 'હું લખતો,' 'હું લખીને,' એ પ્રમાણે બોલવાથી વાક્ય બનતું નથી, અને બોલવાનો અર્થ પણ સમજાતો નથી.

'કાગળ **લખીને** તેણે પોતાનું કામ ઉલટુ બગાડયુ,' 'છોકરાં **દોડતાં** પડી ગયા,' આ વાક્યોનું પૃથક્કરણ કરતા જણાશે, કે '**લખીને**' અને '**દોડતાં**' એ વિધેયવર્ધક છે. '**દોડતો** ઘોડો સુદર દેખાય છે,' 'મેં **મરેલો** સાપ જોયો,' એ પૈકી પહેલા વાક્યમા '**દોડતો**' ઉદ્દેશ્ય-વર્ધક છે, અને બીજામાં '**મરેલો**' ક્રિયાપૂરકનો વધારો છે. '**લખીને**, '**દોડતાં**,' '**દોડતો**' '**મરેલો**,' એ શબ્દો કૃદત કહેવાય. મૂળ ધાતુ

'લખ,' 'દોડ,' અને 'મર'ને જુદા જુદા પ્રત્યયો લગાડવાથી જુદા જુદા રૂપ 'લખીને,' 'દોડતા,' 'દોડતો' અને 'મરેલો' થયા છે આજ પ્રમાણે 'લખ' અને 'ભણ' એ મૂળને જુદા જુદા પ્રત્યયો લગાડવાથી 'લખી,' 'લખનાર,' 'લખતી,' 'લખવુ,' વગેરે અને 'ભણીને,' 'ભણતો,' 'ભણેલો,' વગેરે શબ્દો બને છે આવા શબ્દોને **કૃદંત** કહે છે કૃદત = 'કૃત્' છે અતે જેને તે 'કૃત્' એ ધાતુને અને ઉમેરાતા પ્રત્યય છે. એ પ્રત્યયો કાળના પ્રત્યયોથી જુદા પડે છે. ક્રિયાપદથી વાક્ય બને છે, પણ કૃદતથી વાક્ય બનતુ નથી.

ધાતુ ઉપર પ્રત્યય આવીને જે શબ્દો બને છે, પણ જેનાથી વાકય બનતું નથી, તેનું નામ કૃદંત.

કૃદતના પ્રકાર અને તેમનો ઉપયોગ

કાળ પ્રમાણે કૃદતના પ્રકાર પાડી શકાય છે '**દોડતો** ઘોડો જાય છે,' '**લખ્યા** લેખ મિથ્યા ન થાય,' '**છાપવાની** ચોપડી ખોવાઈ ગઈ' આ વાક્યોમા 'દોડતો,' 'લખ્યા,' 'છાપવાની,' એ શબ્દો અનુક્રમે **વર્તમાન, ભૂત,** અને **ભવિષ્ય** કૃદત છે, કારણ કે કૃદતના રૂપ ઉપરથી દોડવાની, લખવાની, અને છાપવાની ક્રિયા અનુક્રમે થતી, થએલી, અને થવાની જણાય છે 'વર્તમાન,' 'ભૂત,' અને 'ભવિષ્ય,' એ શબ્દોની સમજુતી તો આગળ આવી ગઈ છે

ઉપરના વાક્યોમા વપરાએલા કૃદતો ઉદ્દેશ્યવર્ધક છે અને વિશેષણ તરીકે વપરાએલા છે, માટે તેમને **કૃદંત વિશેષણ** કહે છે

'મારુ **કર્યું** તેને ગમતુ નથી,' એ વાક્યમા 'કર્યું' એ **ભૂત કૃદંત** છે અને એનો ઉપયોગ નામ તરીકે થએલો છે

'મેજ ઉપર **છાપેલી** ચોપડી પડી હતી,' 'મગનના ઘરમાથી **મરેલો** ઉંદર નીકળ્યો,' આ વાક્યોમા 'છાપેલી' અને 'મરેલો' એ શબ્દો **વિશેષભૂત** કૃદત છે, કારણ કે કૃદતના રૂપ ઉપરથી છાપવાની ને મારવાની ક્રિયા ઘણા વખત પહેલા થઈ ગએલી સમજાય છે.

ઉપરના વાક્યોમા 'છાપેલી' અને 'મરેલો' એ કૃદતો ઉદ્દેશ્યવર્ધક છે અને વિશેષણ તરીકે વપરાયા છે, માટે વિશેષભૂત કૃદતને પણ **કૃદંત વિશેષણ** કહે છે.

'**બોલવું** સહેલુ છે,' **કરવું** મુશ્કેલ છે,' આ વાક્યોમા 'બોલવુ' અને 'કરવુ' એ શબ્દો **સામાન્ય** કૃદંત છે, કારણ કે કૃદંતના રૂપ ઉપરથી ચોક્કસ કાળનુ ભાન થતુ નથી

ઉપરના વાક્યોમા 'બોલવુ' અને 'કરવુ' એ કૃદંતો ઉદ્દેશ્ય છે, અને નામ તરીકે વપરાયા છે, માટે એમને **કૃદંત નામ** કહે છે

'કામ **કરનાર** માણસ આ રહ્યો.' 'શરત **દોડનાર** ઘોડો મરી ગયો.' આ વાક્યોમા 'કરનાર' અને 'દોડનાર' એ શબ્દો **કર્તૃવાચક** કૃદંત છે, કારણ કે એ કર્તાના અર્થમા વપરાયા છે

ઉપરના વાક્યોમા 'કરનાર' અને 'દોડનાર' એ કૃદંતો ક્રિસ્યવર્ધક છે, અને વિશેષણ તરીકે વપરાયા છે, માટે એમને **કૃદંત વિશેષણ** કહે છે

'**લખનાર** લખી રહ્યો,' '**બોલનાર** ચાલ્યો ગયો,' આ વાક્યોમા 'લખનાર' અને 'બોલનાર' એ કર્તૃવાચક કૃદંતો ઉદ્દેશ્ય છે, અને નામ તરીકે વપરાયા છે, માટે એમને **કૃદંત નામ** કહે છે કર્તૃવાચક કૃદંતનો કૃદંત નામ તરીકે પણ ઉપયોગ થાય છે

'હુ કામ **કરીને** આવીશ,' '**મરીને** માળવો ન લેવાય,' આ વાક્યોમા 'કરીને' અને 'મરીને' એ શબ્દો **સંબંધક ભૂત** કૃદંત છે, કારણ કે તેઓ પહેલા વાક્યમા કરવાની અને આવવાની ક્રિયાનો અને બીજામા મરવાની અને લેવાની ક્રિયાનો સબધ જોડે છે

'છોકરો કામ **કરીને** આવશે,' 'છોકરી કામ **કરીને** આવશે,' 'છોકરૂ કામ **કરીને** આવશે,' આ વાક્યો ઉપરથી જણાશે કે 'કરીને' એ કૃદંતનું રૂપ હમેશા એક સરખુજ રહે છે, અને તે વિધેયવર્ધક છે, માટે એવા કૃદંતોને '**કૃદંત અવ્યય**' કહે છે.

'છોકરો **દોડતાં** પડી ગયો,' 'છોકરી **દોડતાં** પડી ગઈ,' 'છોકરૂં **દોડતાં** પડી ગયુ,' એ વાક્યોમા 'દોડતા' એ કૃદંતનુ રૂપ એકસરખુજ રહે છે, માટે એવા કૃદંતોને પણ **કૃદંત અવ્યય** કહે છે.

'ચાલ' ધાતુ.

વચન.	પ્રત્યય.			કૃદંતનો પ્રકાર.	રૂપ.		
	નર.	નારી.	નાન્યતર.		નર.	નારી.	નાન્યતર.
એકવચન.	તો	તી	તું	વર્તમાન.	ચલતો	-તી	— તું.
બહુવચન.	તા	તી	તાં.	"	ચાલતા	-તી	— તા.
એકવચન.	યો	ઈ	યું	ભૂત.	ચાલ્યો	-લી	— લ્યું.
બહુવચન.	યા	ઈ	યા.	"	ચાલ્યા	-લી	— લ્યા.
એકવચન.	વાનો	વાની	વાનું.	ભવિષ્ય	ચાલવાનો	-ની	— નું.
બહુવચન.	વાના	વાની	વાના.	"	ચાલવાના	-ની	— ના.
એકવચન	એલો	એલી	એલું	વિશેષ ભૂત	ચાલેલો	-લી	— લું
બહુવચન.	એલા	એલી	એલા.	"	ચાલેલા	-લી	— લા.
એકવચન.	વો	વી	વું.	સામાન્ય.	ચાલવો	-વી	-- વું
બહુવચન.	વા	વી	વા	"	ચાલવા	-વી	-- વા
એકવચન.	નાર-નારો	નારી	નારૂં	કર્તૃવાચક.	ચાલનાર-નારો-નારી		-- નારૂં
બહુવચન.	નાર-નારા	નારી	નારા	"	ચાલનાર-નારા-નારી		— નારા.
	ઈ, ઈને, તા,			સંબંધક ભૂત.	ચાલી-ચાલીને-ચાલતા.		

'ઈ,' 'ઈને,' અને 'તા,' પ્રત્યયવાળા કૃદંત અવ્યય તરીકે વપરાય છે. પ્રેરક અને કર્મણિ રચનામાં પણ કૃદંતના રૂપો થાય છે—જેમકે,

મૂળ રૂપ.	કર્તરિ—કરતો કર્મણિ—કરાતો
પ્રેરક રૂપ.	કર્તરિ—કરાવતો કર્મણિ—કરાવાતો

મિશ્ર કાળ.

વર્તમાન, ભૂત, અને ભવિષ્ય કાળ, એ **મુખ્ય કાળ** કહેવાય છે. મુખ્ય કાળ બનાવવા માટે ક્રિયાપદને અમુક પ્રત્યયો લગાડવાની જરૂર પડે છે, પણ 'કર્યું હતું,' 'કર્યું છે,' એવા મિશ્ર કાળના રૂપો બનાવવા **સાહાય્યકારક ક્રિયાપદની** જરૂર પડે છે 'કરતો હતો,' 'કર્યું છે,' 'કરવાનું છે,' અહીં 'હો' અને 'છ' ધાતુઓ સાહાય્યકારક છે.

મિશ્ર કાળનાં રૂપો.

કરે છે*=એવડો વર્તમાન કાળ.
કરતો હતો=વર્તમાન ભૂત કાળ.
કર્યો છે=ભૂત વર્તમાન કાળ
કર્યો હતો=એવડો ભૂત કાળ.
કરવાનો છે=ભવિષ્ય વર્તમાન કાળ.
કરવાનો હતો=ભવિષ્ય ભૂત કાળ.
કરેલો છે=વિશેષ ભૂત વર્તમાન કાળ.
કરેલો હતો=વિશેષ ભૂત ભૂત કાળ

---

* ક્રિયાપદના પદચ્છેદના નમુના (પૃષ્ઠ ૨૫-૨૬) માં 'રડે છે,' વગેરેનો સરળતા ખાતર વર્તમાન કાળ કહ્યો છે નિશ્ચયાર્થ અને સંશયાર્થમાં 'રડે' રૂપ શુદ્ધ વર્તમાન કાળનું ગણાય.

સંયુક્ત ક્રિયાપદ.

'તેણે ફળ **નાખી દીધું**,' 'ચોર **જતો રહ્યો**,' 'તે **બોલી ચૂક્યો**,' 'તેણે **ખાઈ લીધું**,' આ વાક્યો તપાસતા જણાય છે, કે '**નાખી દીધું**,' '**જતો રહ્યો**,' '**બોલી ચૂક્યો**,' અને '**ખાઈ લીધું**,' એ ક્રિયાપદો બબ્બે ક્રિયાપદો સાથે મળી થએલા છે આવા ક્રિયાપદો **સંયુક્ત** કે જોડાએલા કહેવાય છે. 'નાખી દીધુ ' એ ક્રિયાપદમા નાખવાનો કે દેવાનો છુટો છુટો અર્થ નથી, પરન્તુ ' દીધુ ' ક્રિયાપદનો છુટો અર્થ જતો રહે છે, અને તે ' નાખી ' ક્રિયાપદના અર્થમા કઇક ત્વરાનો ઉમેરો કરે છે.

સંયુક્ત ક્રિયાપદમાં પાછળ આવનાર ક્રિયાપદનો મૂળ અર્થ જતો રહે છે, અને તે તેના પહેલાં આવેલા ક્રિયાપદના અર્થમાં કોઈ પણ જાતનો વધારો (ત્વરા ઇત્યાદિ) કરી બતાવે છે.

સંયુક્ત ક્રિયાપદો ઘણે ભાગે જાતજાતના કૃદતો અને ક્રિયાપદો મળી થાય છે.

નથી.

' રખડતો નથી,' ' બોલતા નથી,' ' બગડયુ નથી,' અહીં ' **નથી** ' એ ' છ ' ધાતુનું વર્તમાન કાળનુ નકારવાચક રૂપ છે

' છ ' ધાતુના વર્તમાન કાળ સિવાય બીજા કાળના રૂપો થતા નથી.

' છ ' ધાતુ, વર્તમાન કાળ.

' છ '		નથી.	
એકવચન	બહુવચન.	એકવચન.	બહુવચન.
હુ છુ.	અમે છીએ.	હુ નથી.	અમે નથી.
તુ છે, છુ.	તમે છો.	તું નથી.	તમે નથી.
તે છે.	તેઓ છે.	તે નથી.	તેઓ નથી.

' કર્યું નહિ હોય,' ' કર્યું ના હોય,' ' કર્યું ન હતું,' ' કર્યું નહિ હશે ', આવા દાખલામા ' હો ' સાહાય્યકારક સાથે ' ના,' ' ન,' અને ' નહિ ' વપરાય છે

આજ્ઞાર્થ રૂપોની સાથે નકાર બતાવવા માટે ' મા,' ' ન,' ' ના,' અને ' નહિ ' વપરાય છે —જેમકે, ' કર મા,' ' ન કરીશ,' ' કરીશ ના ' કે ' ના કરીશ,' અને ' કરીશ નહિ.'

વિશેષણ વિષે વિશેષ વિચાર.

૧. દયાળુ રાજા જાય છે
૨ ઘણો દયાળુ રાજા જાય છે
૩ બિલાડીનુ બચ્ચુ ચપળ છે
૪. બિલાડીનુ બચ્ચુ ઘણુ ચપળ છે
૫ મગન ઉતાવળો દોડયો
૬ મગન ઘણો ઉતાવળો દોડયો.
૭ તે જલદી આવ્યો
૮ તે ઘણો જલદી આવ્યો

પહેલા વાક્યમા 'દયાળુ' એ રાજાનું વિશેષણ છે, પરન્તુ બીજા વાક્યમા 'દયાળુ' પહેલા 'ઘણો' આવીને તેના અર્થમા વિશેષ બતાવે છે, માટે 'ઘણો' **વિશેષણનુ વિશેષણ** કહેવાય

ત્રીજા વાક્યમા 'ચપળ' એ બચ્ચાનું વિશેષણ છે, પરન્તુ ચોથા વાક્યમા 'ચપળ' પહેલા 'ઘણુ' આવવાથી તેના અર્થમાં વધારો થાય છે, માટે 'ઘણુ' એ **વિશેષણનું વિશેષણ** કહેવાય

પાચમા વાક્યમા 'ઉતાવળો' ક્રિયાવિશેષણ છે, પરતુ છઠ્ઠા વાકયમા 'ઉતાવળો' પહેલા 'ઘણો' આવવાથી તેના અર્થમા વિશેષ થાય છે, માટે 'ઘણો' **ક્રિયાવિશેષણનુ વિશેષણ** છે

સાતમા વાક્યમા 'જલદી' ક્રિયાવિશેષણ અવ્યય છે, પરન્તુ આઠમા વાક્યમા 'જલદી' પહેલા 'ઘણો' આવવાથી તેના અર્થમા વિશેષ થાય છે, માટે 'ઘણો' **ક્રિયાવિશેષણ અવ્યયનુ વિશેષણ** કહેવાય

આ ઉપરથી નીચેનો નિયમ ઉપજાવી શકાય —

વિશેષણ એ નામ, વિશેષણ ક્રયાવિશેષણ, અને ક્રિયા-વિશેષણ અવ્યયના અર્થમાં વધારો કરે છે.

જોઇએ

૧ તેણે જવુ જોઈએ   ૨ તમારે લુગડા પહેરવા જોઈએ
૩ મારે લાડુ અવશ્ય જોઈએ

આ વાકયો ઉપરથી જણાશે, કે 'જોઈએ'મા ફરજ કે જરૂરના અર્થનો સમાવેશ થાય છે 'જવુ જોઈએ' એટલે જવાની ફરજ છે, 'પહેરવા જોઈએ' એટલે પહેરવાની ફરજ છે, અને 'લાડુ જોઈએ' એટલે લાડુની જરૂર છે. આ વાકયોનું પૃથક્કરણ નીચે મુજબ થાય—

ઉદ્દેશ્ય.	વિધેય.	વિ. વ.
૧. તેણે	જવુ જોઈએ.	×
૨ તમારે	લુગડા પહેરવા જોઈએ	×
૩. લાડુ	મારે જોઈએ.	અવશ્ય.

વિધેય.

	ક્રિયા.	ક્રિયાપૂરક.
૧.	જવુ જોઈએ	×
૨.	પહેરવા જોઈએ	લુગડા
૩	જોઈએ	મારે

'જોઈએ' **અપૂર્ણ ક્રિયાપદ** કહેવાય છે, કારણ કે ગુજરાતીમા તેના બધા કાળમા રૂપો થતા નથી નીચેના કોઠા ઉપરથી આ બાબત વધારે સ્પષ્ટ થશે

કાળ	નિશ્ચયાર્થ	સશયાર્થ
વર્તમાન	જોઈએ-જોઈએ છે	જોઈએ-જોઈતો-તી-તુ હોય.
ભૂત	જોઈતો-તી-તું-જોઈતો (તી-તુ)-હતો (તી-તુ)	જોઈતો (તી-તુ) હોત
ભવિષ્ય	જોઈશે	જોઈશે-જોઈતો (તી-તુ) હોય કે હશે

પદચ્છેદના નમુના.

(૧) તેણે **જવુ જોઈએ.**

જવું જોઈએ. અકર્મક ક્રિયાપદ, જા ધાતુ વિધ્યર્થ, વર્તમાન કાળ, કર્તા તેણે, ક્રિયાનાથ ભાવ, ત્રીજો પુરુષ, નાન્યતર જાતિ, એકવચન, ભાવે પ્રયોગ.

(૨) તમારે લુગડા **પહેરવાં જોઈએ.**

પહેરવાં જોઈએ. સકર્મક ક્રિયાપદ, પહેર ધાતુ, વિધ્યર્થ, વર્તમાન કાળ, કર્તા તમારે, કર્મ લુગડા, ક્રિયાનાથ કર્મ, ત્રીજો પુરુષ, નાન્યતર જાતિ, બહુ વચન, કર્મણિ પ્રયોગ.

(૩) મારે લાડુ **જોઈએ.**

જોઈએ. અકર્મક ક્રિયાપદ, નિશ્ચયાર્થ, વર્તમાન કાળ, કર્તા લાડુ, ક્રિયાનાથ કર્તા, ત્રીજો પુરુષ, નરજાતિ, એકવચન, કર્તરિ પ્રયોગ.

કેવળપ્રયોગી અવ્યય.

'અરે! તેણે કેવુ ક્રૂર કામ કર્યું!' 'વાહ! વાહ! મારા ભાઈ, તમે આવુ શુ બોલો છો!' આ બને વાક્યો તપાસતા જણાય છે, કે 'અરે' અને 'વાહ! વાહ!' એ શબ્દો તેમની પછી આવતા વાક્યથી તદ્દન નિરાળા છે, માટે તેમને **કેવળપ્રયોગી** (કેવળ = એકલો, પ્રયોગી = વપરાશમા આવનાર) અવ્યય કહે છે અહાહા!, અરેરે', ધિક્!, અધધધ!, ફટ ફટ!, અ!, આહા!, એ!, ઓ!, ઓયરે!, ઓહો!, હા!, ચુપ!, છટ!, થુ!, બસ!, ભલે!, રે!, વાહવાહ!, વારૂ!, હત!, હડ! હાય!, હાયહાય!, હાઉં!, હાશ!, હે!, હો!, હા!, વગેરે, વગેરે, કેવળપ્રયોગી અવ્યયો છે આવા વાક્યથી તદ્દન નિરાળા પડી ગએલા અવ્યયોને વાક્યપૃથક્કરણમા પડતા મૂકવા

સમાસ.

'રામલક્ષ્મણ,' 'રાજકુવર,' 'પરમેશ્વર,' 'વરાળયત્ર,' 'ચદ્રમુખી,' 'યથાશક્તિ,' 'પરદુખભજન,' એ શબ્દો બે કે બેથી વધારે શબ્દોના બનેલા છે અને તેમનો ઉપયોગ એકજ શબ્દ જેવો થાય છે, એ શબ્દોનો અર્થ 'રામ અને લક્ષ્મણ,' 'રાજાનો કુવર,' 'પરમ (મોટો) ઈશ્વર,' 'વરાળનુ યત્ર,' 'ચદ્રના જેવુ મુખ છે જેનુ તે,' 'શક્તિ પ્રમાણે,' 'પરના એટલે બીજાના, દુખનો, ભજન–ભાગનાર,' એ રીતે શબ્દને છુટા પાડવાથી સ્પષ્ટ સમજાય છે

જ્યારે બે કે વધા `બ્દો એકઠા મળી તેમનો એકજ શબ્દના જેવો ઉપયોગ થાય ત્યારે તે શબ્દોનો સમાસ થયો કહેવાય છે. એવી રીતે બનેલા આખા શબ્દોને સામાસિક શબ્દો કહે છે.

સમાસ પામેલા શબ્દોનો અર્થ સમજાવવા જોડી દીધેલા શબ્દોને છુટા પાડવા પડે છે, તેને સમાસનો **વિગ્રહ** કહે છે.

સમાસનાં પદ—'રાજકુંવર' એ સામાસિક શબ્દના પ્રથમના શબ્દ 'રાજ'ને પૂર્વપદ અને તેના છેલ્લા શબ્દ 'કુંવર'ને **ઉત્તરપદ** કહે છે.

સમાસના પ્રકાર.

શરૂઆતમા જે શબ્દોને છુટા કરી બતાવ્યા છે તે ઉપરથી સમજાયુ હશે, કે શબ્દો જુદી જુદી રીતે છુટા પાડી શકાય છે. છુટા પાડવાની જુદી જુદી રીત મુજબ સમાસની જાતો પણ જુદી જુદી થાય છે.

દ્વંદ્વ સમાસ—'રામલક્ષ્મણ,' 'રાજારાણી,' 'જળસ્થળવાયુતેજ,' આ જાતના સમાસને **દ્વંદ્વ** કહે છે દ્વંદ્વ એટલે જોડું એ કે એથી વધારે એકજ વિભક્તિવાળા નામો જોડી દીધેલા હોય છે ત્યારે સમાસ દ્વંદ્વ કહેવાય છે વિગ્રહ કરતી વખતે 'અને' કે 'તથા' શબ્દ વચ્ચે મૂકવાથી અર્થ મમજાય છે—જેમકે, રાજારાણી = રાજા અને રાણી

તત્પુરુષ સમાસ—

પરલોકગત=પરલોક ગત (ગયેલો)	(બીજી વિભક્તિ).
શોકાતુર=શોકે આતુર	(ત્રીજી „)
ભૂતબળિ=ભૂતોને બળિ	(ચોથી „).
સ્થાનભ્રષ્ટ=સ્થાનથી ભ્રષ્ટ	(પાચમી „).
તત્પુરુષ=તેનો પુરુષ	(છઠ્ઠી „)
સ્વર્ગવાસ=સ્વર્ગમા વાસ	(સાતમી „)

જે સમાસમા પૂર્વપદ અને ઉત્તરપદ વચ્ચેનો સંબધ **બીજીથી સાતમી વિભક્તિ** સુધીની કોઈ પણ વિભક્તિથી બતાવાય છે તેને **તત્પુરુષ** સમાસ કહે છે આ સમાસના પૂર્વપદને સમજી લેવાની વિભક્તિ લાગુ પાડવાથી પદોનો એક બીજા સાથેનો સંબધ સ્પષ્ટ થઈ સામાસિક શબ્દનો અર્થ સમજાય છે

અલુક્ તત્પુરુષ સમાસ—લુક્=(પ્રત્યયનો) લોપ, અલુક્=જેમા પ્રત્યયનો લોપ થયો નથી તે 'યુધિષ્ઠિર,' 'કર્તરિપ્રયોગ,' કર્મણિપ્રયોગ,'

'ભાવેપ્રયોગ,' 'વાચસ્પતિ,' આ સમાસોમાં પૂર્વપદની વિભક્તિના પ્રત્યયો કાયમ રહ્યા છે 'યુધિ,' 'કર્તરિ,' 'કર્મણિ,' અને 'ભાવે,' એ અનુક્રમે 'યુધ્,' 'કર્તૃ,' 'કર્મન,' તથા 'ભાવ' એ શબ્દોના સાતમીના રૂપ છે, અને 'વાચમ્' એ 'વાચ્' શબ્દનું ષષ્ઠીનું રૂપ છે એવી રીતે જે સમાસના પૂર્વપદની વિભક્તિના પ્રત્યયનો લોપ થયો ન હોય તેને **અલુક્** સમાસ કહે છે

નઞ્ તત્પુરુષ—'અણબનાવ,' 'અસત્ય', વગેરે સમાસ પામેલા શબ્દોમાં પૂર્વપદ નકારવાચક છે આવા સમાસને **'નઞ તત્પુરુષ'** કહે છે.

ઉપપદ તત્પુરુષ સમાસ—

ગ્રથકાર = ગ્રથ કરનાર | સુખકર=સુખ કરનાર

આ સમાસમાં પૂર્વપદ બીજી વિભક્તિમાં હોય છે અને ઉત્તરપદ ધાતુ પરથી બનેલું હોય છે.

કર્મધારય સમાસ—

મહાદેવ = મોટો દેવ	મહાબાહુ=મોટા હાથ
પીતામ્બર = પીળું વસ્ત્ર	ચદ્રમુખ=ચદ્ર જેવું મુખ
સદ્ગુણ = સારો ગુણ	મુખચદ્ર=મુખ એજ ચન્દ્ર.

જે સમાસમાં પૂર્વપદ ગુણવાચક વિશેષણ અથવા ગુણવાચક વિશેષણના અર્થમાં વપરાએલું કોઈ પણ નામ હોય છે, તેને **કર્મધારય** સમાસ કહે છે.

દ્વિગુ સમાસ—'ત્રિભુવન,' 'ચતુર્વેદ,' આ શબ્દોના અર્થ અનુક્રમે ત્રણ ભુવનનો સમુદાય અને ચાર વેદનો સમુદાય એ પ્રમાણે થાય છે દ્વિગુ સમાસ એ કર્મધારયનો પેટાભાગ છે. પૂર્વપદ ગુણવાચક વિશેષણને બદલે **સખ્યાવાચક** વિશેષણ હોય ત્યારે તેને **દ્વિગુ** સમાસ કહે છે દ્વિગુ શબ્દમાં 'દ્વિ' સખ્યાવાચક વિશેષણ હોવાથી આ જાતના સમાસ યાદ રાખવાનું સહેલું થઈ પડશે 'દ્વિગુ' શબ્દ જાતેજ દ્વિગુ સમાસ છે

મધ્યમપદલોપી સમાસ—'મગનતે **દહીંમાં આથેલાં વડાં** ભાવે છે' એ વાક્યમાના 'દહીંમા આથેલા વડા' એ શબ્દોનો અર્થ **'દહીંવડાં'** એ સમાસથી દર્શાવી શકાય છે તેમ કરતા મધ્યમ પદનો—

વચ્ચે આવેલા પદનો, એટલે 'આથેલા' એ શબ્દનો લોપ થાય છે; માટે આ સમાસને **મધ્યમપદલોપી** સમાસ કહે છે.

દહીંવડા = દહીંમા આથેલા વડા

આગગાડી = આગથી ચાલતી ગાડી

દરીઆમહેલ = દરીઆકાંઠે આવેલો મહેલ.

બહુવ્રીહિ સમાસ --

મહાબાહુ = મોટા છે હાથ જેના તે

પીતાંબર = પીળુ છે અંબર (વસ્ત્ર) જેનુ તે.

અપુત્ર = નથી પુત્ર જેનો તે

ચક્રપાણિ = ચક્ર છે હાથમા જેના તે

ત્રિલોચન્ = ત્રણ છે આંખ જેની તે

આ પ્રમાણે જે સમાસ છોડવામા 'જે' એ સર્વનામના રૂપની જરૂર પડે છે તેને **બહુવ્રીહિ** સમાસ કહે છે 'બહુવ્રીહિ શબ્દ પોતેજ બહુવ્રીહિ સમાસ છે, બહુ છે વ્રીહિ (ડાંગેર) જેના તે બહુવ્રીહિ

'પીતાંબર' એ સમાસનો વિગ્રહ 'પીળુ અંબર એવો થાય છે ત્યારે સમાસ કર્મધારય હોય છે અને તે નામ હોય છે, પરતુ એજ સમાસનો વિગ્રહ 'પીળુ છે અંબર જેનુ તે' એવો થાય છે ત્યારે તે સમાસ બહુવ્રીહિ હોય છે અને તે વિશેષણ હોય છે

સપુત્ર = પુત્ર સાથે | સકુટુંબ = કુટુંબ સાથે.

એ પ્રમાણે જેનુ પૂર્વપદ 'સ' કે 'સહ' હોય એવા સમાસને પણ બહુવ્રીહિ સમાસ કહે છે

અવ્યયીભાવ સમાસ -- પ્રતિદિન,' 'યથાશક્તિ,' આ સમાસમા 'દિન' કે 'શક્તિ' અવ્યય નથી, પરન્તુ 'પ્રતિ' અને 'યથા' અવ્યયો તેમની સાથે આવવાથી 'પ્રતિદિન' અને 'યથાશક્તિ,' એ શબ્દો અવ્યય જેવા થાય છે, માટે આવા સમાસને **અવ્યયીભાવ સમાસ** કહે છે

પ્રતિદિન = દિને દિને, | યથાશક્તિ = શક્તિ પ્રમાણે.

સંધિ.

સધિ (સ = સાથે, ધા = મૂકવુ) સાથે મૂકવુ કે રાખવુ તે, સધિ એટલે સવાણુ.

સ્વરસંધિ.

૧. બારાક્ષરી = બાર + અક્ષરી
શબ્દાર્થ = શબ્દ + અર્થ. } અ + અ = આ.

૨. સિંહાસન = સિંહ + આસન.
ધર્માત્મા = ધર્મ + આત્મા. } અ + આ = આ.

૩ વિદ્યાર્થી = વિદ્યા + અર્થી.
વિદ્યાભ્યાસ = વિદ્યા + અભ્યાસ. } આ + અ = આ.

વિદ્યાલય = વિદ્યા + આલય. } આ + આ = આ

નિયમ —' અ ' કે ' આ ' પછી ' અ ' કે ' આ ' આવે તો ' આ ' થાય છે.

૧ હરીચ્છા = હરિ + ઇચ્છા ઇ + ઇ = ઈ.

૨ કવીશ્વર = કવિ + ઈશ્વર. ઇ + ઈ = ઈ.

નિયમ —' ઇ ' કે ' ઈ 'ની પછી ' ઇ ' કે ' ઈ ' આવે તો ' ઈ ' થાય.

૧ ભાનૂદય = ભાનુ + ઉદય ઉ + ઉ = ઊ

નિયમ —' ઉ ' કે ' ઊ ' પછી ' ઉ ' કે ' ઊ ' આવે તો ' ઊ ' થાય.

૧. ગજેન્દ્ર = ગજ + ઇન્દ્ર અ + ઇ = એ

૨ મહેન્દ્ર = મહા + ઇન્દ્ર આ + ઇ = એ.

૩. મહેશ્વર = મહા + ઈશ્વર આ + ઈ = એ

નિયમ —' અ ' કે ' આ ' પછી ' ઇ ' કે ' ઈ ' આવે તો 'એ' થાય.

૧. સૂર્યોદય = સૂર્ય + ઉદય. અ + ઉ = ઓ

૨ શાળોપયોગી = શાળા + ઉપયોગી આ + ઉ = ઓ.

નિયમ.—'અ' કે ' આ ' પછી ' ઉ ' કે ' ઊ ' આવે તો 'ઓ' થાય.

૧. દેવર્ષિ = દેવ + ઋષિ. અ + ઋ = અર્

નિયમ—' અ ' કે ' આ ' પછી ' ઋ ' આવે તો ' અર્ ' થાય.

૧ ઐકૈક = એક + એક. અ + એ = ઐ.

૨ દૈવૈશ્વર્ય = દેવ + ઐશ્વર્ય અ + ઐ = ઐ

૩ વનૌષધિ = વન + ઓષધિ. અ + ઓ = ઔ

૪ ઉત્તમૌષધિ = ઉત્તમ + ઔષધિ અ + ઔ = ઔ.

નિયમ—'અ' કે 'આ'ની પછી 'એ' કે 'ઐ' આવે તો 'ઐ' અને 'ઓ' કે 'ઔ' આવે તો 'ઔ' થાય

૧ અત્યંત = અતિ + અંત. | ૨ પ્રત્યુત્તર = પ્રતિ + ઉત્તર.

૩ મન્વાદિ = મનુ + આદિ.

નિયમ—હ્રસ્વ કે દીર્ઘ 'ઇ,' 'ઉ,' કે 'ઋ' પછી કોઈપણ વિજાતીય સ્વર આવે, તો તેને બદલે અનુક્રમે 'ય્,' 'વ્,' અને 'ર્,' થાય

૧ ગાયન = ગૈ + અન | ૨ નાવિક = નૌ + ઇક.

નિયમ—'એ,' 'ઐ,' 'ઓ,' 'ઔ' પછી કોઇપણ સ્વર આવે તો અનુક્રમે, 'અય્,' 'આય્,' 'અવ્,' 'આવ્,' થાય.

વ્યંજનસંધિ.

૧ સદાચાર = સત્ + આચાર. | ૨. સદ્ગુણ = સત્ + ગુણ

નિયમ—કોઈ અઘોષ વ્યંજનની પછી ઘોષ અક્ષર કે સ્વર આવે તો તે અઘોષ વ્યંજનને ઠેકાણે તેના વર્ગનો ત્રીજો વ્યંજન થાય

૧. સચ્ચરિત્ર = સત્ + ચરિત્ર | ૨ સજ્જન = સત્ + જન

૩ ઉલ્લાસ = ઉત્ + લાસ

નિયમ—દંતસ્થાની વ્યંજન પછી તાલુસ્થાની વ્યંજન, મૂર્ધસ્થાની વ્યંજન, કે ' લ ' આવે તો દંતસ્થાની વ્યંજનને બદલે અનુક્રમે તાલુસ્થાની વ્યંજન, મૂર્ધસ્થાની વ્યંજન, કે ' લ ' થાય.

. સચ્છાસ્ત્ર = સત્ + શાસ્ત્ર.

૨ અચ્છેર = (અર્ધ – અધ –) અધ્ + શેર.

નિયમ—**બીજા શબ્દની શરૂઆતમાં શ્ આવે અને પહેલાને અંતે દંત્ય વ્યંજન હોય, તો તે દંત્ય વ્યંજનનો ‘ ચ ’ થાય છે, અને ‘ શ્ ’નો ‘ છ ’ થાય છે.**

૧ જગન્નાથ = જગત્ + નાથ | ૨. ઉન્મત્ત = ઉદ્ + મત્ત

નિયમ—**બીજા શબ્દની શરૂઆતમાં અનુનાસિક અક્ષર હોય, તો પહેલા શબ્દને અંતે જે અક્ષર આવે છે તે પોતાના વર્ગનો અનુનાસિક થાય છે.**

ઉપર સ્વર અને વ્યજનની સધિના મુખ્ય મુખ્ય નિયમો આપ્યા છે. ગુજરાતીમા સધિ કરવાનુ બહુ જોવામા આવતુ નથી સધિ કરવાની રૂઢિ સસ્કૃતમા ઘણી સામાન્ય છે. ગુજરાતી ભાષામા ઘણા સસ્કૃત શબ્દો વપરાય છે, તેથી માત્ર સ્વર તેમજ વ્યજનની સધિના નિયમોનુ અહીં ટુકુ વિવેચન કરેલુ છે.

વિરામચિહ્ન.

બોલતી કે લખતી વેળા અર્થ બરાબર સમજાય, માટે શબ્દ કે વાક્યની વચમા થોડી કે વધારે વાર અટકવાની જરૂર પડે છે ક્યા કેટલુ અટકવુ, એ બરાબર સમજાય, માટે કેટલીક નિશાનીઓ મુકરર કરેલી છે. આવી નિશાનીઓને **‘ વિરામચિહ્ન ’** કહે છે. મુખ્ય વિરામચિહ્નો નીચે મુજબ છેઃ—

૧. અલ્પવિરામ (,); ૨. અર્ધવિરામ (;) ૩. ગુરુવિરામ (:); ૪. પૂર્ણવિરામ (.), ૫. પ્રશ્નચિહ્ન (?), ૬. ઉદ્‌ગારચિહ્ન (!); ૭. અવતરણચિહ્ન (‘ ’ કે “ ”), ૮. કૌંસ [ ] કે ( ); ૯. અપસારણચિહ્ન. (— —).

અલ્પવિરામઃ—

૧. જે શબ્દો સમાનાર્થે હોય તેમની વચમા અલ્પવિરામ આવે — જેમકે, દશરથના પુત્ર, શ્રી રામચંદ્રજી વનવાસ ગયા. લંકાનો રાજા, રાવણ મરાયો.

૨. એકજ પ્રકારના ત્રણ કે તેથી વધારે શબ્દો સાથે આવે, અને છેલ્લા બે 'અને'થી જોડાય, તો 'અને'ની પહેલાના દરેક શબ્દ પછી અલ્પવિરામ મુકાય.—જેમકે ગ્રીસ, ઇટલી, અને સ્પેન યુરોપની દક્ષિણે આવેલા દ્વીપકલ્પો છે. વિદ્વાન, ડાહ્યા, અને વિવેકી શિક્ષકને સૌ ચાહે છે. આપણે દરેક કામ ધીરજથી, ચતુરાઈથી, અને ખંતથી કરવુ જોઈએ આવુ તો જુના કાળથી થતું આવ્યું છે, હાલ પણ થાય છે, ને ભવિષ્યમા પણ થશે.

૩. સંબોધનાર્થે આવેલા શબ્દો પછી અલ્પવિરામ મુકાય છે—જેમકે છોકરીઆઈ, વનના રાજાજી માંદા પડ્યા છે, તેને તમે જોવા નહિ આવો ?

૪. એકજ વર્ગના શબ્દના જુદાં જુદા જોડકા સાથે આવે છે, ત્યારે દરેક જોડકા પછી અલ્પવિરામ મુકાય છે—જેમકે ઘરમા કે ઘરની બહાર, દિવસે કે રાતે, તે પૈસાનોજ વિચાર કર્યા કરે છે

૫. 'અને,' 'માટે,' 'તેથી,' 'પણ,' 'પરન્તુ' 'કે,' 'તો,' ઇત્યાદિ શબ્દો કોઈ વાક્યમાં આવે, ત્યારે જો તે વાક્ય ટુંકુ હોય તો નહિ, પણ લાંબુ હોય તો આ શબ્દોની પૂર્વે અલ્પવિરામ મુકાય છે—જેમકે, 'રામ અને લક્ષ્મણ વનમા જવા નીકળ્યા' 'બોલવુ સહેલું છે, પણ કરવુ કઠણ છે.' 'બપોરે પૂર જોશમા પ્રકાશતા સૂર્યના કિરણમા તાજ સુવર્ણમય જણાય છે, પણ ચદની રાતે તે એથી પણ વિશેષ મોહ પમાડે છે.' 'તાજ અને તેની આસપાસના મકાનની શોભાનો વિગતવાર અભ્યાસ કરવો હોય તો ઘણા કલાક સુધી સૂક્ષ્મ દૃષ્ટિથી નિહાળવુ જોઈએ, અને એકાગ્ર ચિત્તથી મનન કરવુ જોઈએ.'

૬. 'વગેરે' અને 'ઇત્યાદિ'ની પહેલા, તથા 'છેવટે' અને 'ટુકામા'ની પછી ઘણે ભાગે અલ્પવિરામ મુકાય છે.

અર્ધવિરામ—જ્યારે અલ્પવિરામથી વધારે વખત અટકવાની જરૂર પડે છે, ત્યારે અર્ધવિરામ મુકાય છે—જેમકે, 'કેટલાક લોક એમ ધારે છે કે નીતિએ ચાલ્યા એટલે બસ; પરંતુ એ તેમની ભૂલ છે.' 'બેશક, નીતિ વિનાનો

ધર્મ નિંદવા લાયક છે, ખરો ધર્મ નીતિ વિના હોઈ શકેજ નહિ 'ધર્મ ખાતર ઘણા ઘણા મહાત્માઓએ પોતાના પ્રાણ તજ્યા છે, કારણ અગ્નિને શીતળ જળ સમાન લેખી એમા પોતાનો દેહ ઝંપલાવ્યો છે, તીક્ષ્ણ તરવારને કોમળ પુષ્પમાળાની પેઠે વધાવી લીધી છે, પણ પોતે માનેલો ધર્મ છોડ્યો નથી'

ગુરુવિરામ—આ ચિહ્ન એટલુ બહુ વપરાતુ નથી જે કંઈ કહેવુ હોય, તેમા કંઈ દૃષ્ટાંતરૂપે ઉમેરવુ હોય, ત્યારે આ ચિહ્ન વપરાય છે જેમકે, ધાન્યની ઘણી જાતો થાય છે ઘઉં, ચણા, બાજરી, જુવાર, વગેરે 'પ્રામાણિક-પણાથી ઘણા લાભ થાય છે લોકો આપણને ચાહે છે, આપણુ કામ સરળતાથી થાય છે, અને ઈશ્વર આપણા પર પ્રસન્ન રહે છે'

પૂર્ણવિરામ—વાક્ય પુરૂ થાય છે, ત્યારે પૂર્ણવિરામ મુકાય છે આજ્ઞા આપવી હોય કે આશીર્વાદ આપવો હોય, ત્યારે પણ વાક્યને છેડે પૂર્ણવિરામજ મુકાય—જેમકે, રાજાજીનો હુકમ છે કે આ કામ તમારે કરવુ આ કામ જલદી તૈયાર કરો

પ્રશ્નચિહ્ન—વાક્યમા સવાલ પૂછ્યો હોય છે, તો તેની પછી પ્રશ્નચિહ્ન મુકાય છે—જેમકે, હિંદુસ્તાનમા કોનુ રાજ્ય છે? હિંદુસ્તાનમા અંગ્રેજ લોકો ક્યારે આવ્યા?

જ્યારે પ્રશ્નાર્થ વાક્ય પેટાવાક્ય હોય, ત્યારે પ્રશ્નાર્થચિહ્ન મુકાય નહિ—જેમકે, 'હિંદુસ્તાનમા કોનુ રાજ્ય છે એમ શિક્ષકે મને પૂછ્યુ' પણ પ્રશ્નાર્થ વાક્ય છેલ્લુ આવતુ હોય તો તે પછી પ્રશ્નચિહ્ન મુકાય, જેમકે-શિક્ષકે મને પૂછ્યુ કે હિંદુસ્તાનમા કોનુ રાજ્ય છે?

ઉદ્ગારચિહ્ન—એક અથવા અનેક શબ્દથી કે કોઈ વાક્ય ઉપરથી હર્ષ, શોક, આશ્ચર્ય, વગેરેનો બોધ થતો હોય, તો તેને છેડે ઉદ્ગારચિહ્ન મૂકવામા આવે છે, જેમકે-'અરેરે! તે મોડો આવ્યો એ કેટલુ બધુ ખોટુ" 'તેના શબ્દો સાંભળી હુ તો દિગ્મૂઢ થઈ ગયા" સંબોધનને છેડે પણ ઉદ્ગારચિહ્ન આવે છે, જેમકે—'અરે રાજા! તને શુ થયુ?'

અવતરણચિહ્ન—બીજા કોઈના વિચાર અથવા બીજા કોઈનુ બોલેલુ કે કહેલુ તેનાજ શબ્દોમા દર્શાવવુ હોય, તો તે શબ્દોની પહેલા અને પછી " " આવા અવતરણચિહ્ન મુકાય છે વચ્ચે કોઈ ત્રીજાના બોલેલા શબ્દો આવતા હોય તો તે ' ' આવા ચિહ્નમા મુકાય છે જો વાક્ય નાનુ સરખુ હોય અથવા એક શબ્દ કે શબ્દસમૂહ હોય, તો માત્ર ' ' આવા ચિહ્નો મૂકવામા આવે છે કોઈ શબ્દ શબ્દ તરીકે વાપરવામા આવે તો ' ' આવા ચિહ્ન મુકાય છે

કૌંસ—કોઈ વાક્યનો અર્થ સ્પષ્ટ જણાવવા માટે વાક્યની સાથે ખાસ સબધ ન હોય એવી હકીકત વચ્ચે લાવવામા આવે છે એ હકીકત એવી હોય છે, કે તે બાતન કરી હોય તો તેથી વાક્યના અર્થમા કઈ ફેર પડતો નથી આવી હકીકત [ ] આવા અથવા ( ) આવા કૌસમા મુકાય છે, જેમકે રાજ્યનો ખરો વારસ શિવાજી (એટલે સભાજીનો છોકરો) તે વખતે માત્ર છ વરસનો હતો, તેથી રાજ્યનો બધો કારભાર તેનો કાકો રાજારામ ચલાવતો હતો

અપસારણચિહ્ન--હકીકત લખતા લખતા તે હકીકતને વધારે સ્પષ્ટ કરવાને અથવા વચમા સૂઝી આવેલા વિચાર દર્શાવવાને તેની પહેલા—આવુ, અને પછી પણ–આવુ, એવા ચિહ્નો મુકાય છે આ ચિહ્નો અપસારણચિહ્નો કહેવાય છે જેમકે 'આપણે અનેક ભાષા બોલનારા—ગુજરાતી, સિંધી, પજાબી, બગાળી—એકજ દેશના છીએ'

સમાપ્ત